શ્રી

सत्यनारायणनी कथा

(મૂળ શ્લોક તથા શુદ્ધ ગુજરાતી ટીકા સહીત)

શ્રી સત્યનારાયણ ભગવાનની આરતી.

છપાવી પ્રગટ કરનાર

બુકસેલર નારણલાલ મોતીલાલ.

રીચીરોડ,—અમદાવાદ.

અમદાવાદ

શાહપુર નવી પોળમાં "પ્રજાહીતાર્થ" પ્રિન્ટિંગ પ્રેસમાં

પટેલ ડાહ્યાભાઇ દલપતરામે છાપી.

આવૃત્તિ ૧ લી. પ્રત ૪૦૦૦

સંવત ૧૯૭૯ અને ૧૯૨૩

કીંમત ૦—૪—૦

બ્લોક છાપ્યો—એમ. વાડીલાલની કું., અમદાવાદ.

આ ચોપડી ગુજરાતી સ્કુલોમાં ચલાવવા માટે મંજુર થઈ છે.

ઘર(સર્મગ્રિ) હીસાબ શીખવી વ્યવહારમાં પ્રવીણ કરનાર

દેશીનામું.

ઉપજાતિ વૃત.

લેખા તણી લેખકને પરીક્ષા, અજ્ઞાની તેની ન કરે નિરીક્ષાઃ
પ્રવીણ જ્યાં ગૂર્જર રોજગારી, નામા તણી કીંમત ત્યાંજ સારી.

પ્રિય વાંચકો તમારા દરરોજના ચાલુ વ્યવહારમાં પ્રવીણ થવું હોય તો દેશીનામાનું પુસ્તક વાંચી નામામાં પ્રવીણ થાઓ તેમજ ઘરના બીજા માણસોને પણ નામામાં પ્રવીણ કરો. મોટા મોટા પેઢીદાર અનુભવી સરાફો તથા વ્યાપારીઓની મદદ લઈ ઘણા શ્રમ વેઠી આ પુસ્તક તૈયાર કર્યું છે, આ પુસ્તક બહાર પડેલાં નામાના પુસ્તકમાં સંપુર્ણ અને શ્રેષ્ટ મનાયલું છે, પ્રતિષ્ટિત વર્તમાન પત્રોના અભિપ્રાય તેમજ અસંખ્ય ગ્રાહકોના સંતોષદર્શક પત્રો પુષ્કળ ઉપયોગીપણાની ખાત્રી આપે છે, સ્કુલના અધિકારીઓએ મંજુર કરી દરેક સ્કુલની લાયબ્રેરીમાં તથા ઇનામ આપવામાં મંજુર રાખ્યું માટે દરેક જણને આ પુસ્તક ખરીદવાની ખાસ ભલામણ છે. કીંમત રૂ. ૧-૦-૦ પોરટેજ જુદું.

ઇંગ્લીશ ટીચર.

ઘર બેઠે ઇંગ્રેજી શીખવામાં સૌથી સરસ છે. શિક્ષકો અને વિદ્યાર્થીઓ આ બુકની મદદથી ઇંગ્રેજી ભાષાનું સંગીન જ્ઞાન મેળવી શકે છે તેની કીંમત રૂ. ૧-૮-૦ શિક્ષકોને અને વિદ્યાર્થીઓને રૂ. ૧-૮-૦ થી ઘેર બેઠા મોકલીશું.

નારણલાલ મોતીલાલ બુકસેલર.
રીચીરોડ,—અમદાવાદ.

અથ શ્રી સત્યનારાયણ પૂજાનો વિધિ

પૂજામાં ઉપયોગી સામગ્રી.

સત્યનારાયણની પૂજા કરનાર ગૃહસ્થે શ્રી સત્યનારાયણની પૂજા માટે નીચે પ્રમાણે સામગ્રી કરવી:—મંડપ માટે કેળના થાંભલા, મંડપની આસપાસ બાંધવા માટે આંબાનાં પાંદડાનું તોરણ, પીપળો, ઉંબરો, વગેરે પાંચ જાતનાં વૃક્ષનાં પલ્લવો, ગોળ, નૈવેદ્ય માટે, લક્ષ્મી તથા સત્યનારાયણની સુવર્ણ મૂર્તિ, તાંબાનો કળશ, પંચપાત્ર, તરભાણું, આચમની, જનોઇના બે જોટા, પાંચ જાતનાં રત્નો તરીકે સુવર્ણમુદ્રા, રૂપાનાણું અથવા તો તાંબાનાણું, વસ્ત્ર તથા ઉપવસ્ત્ર, ચોખા, ઘઉં, કુંકુમ, અબીલ, દુર્વા, ગુલાલ, વર્ષૌષધિ, ધુપ, પુષ્પો, હલદરના ગાંઠીઆ, નાડું, એક હજાર ને એક તુલસી-દલ, નાળીયેર, પાન, સોપારી, પાવલાના પૈસા, કેળાં વગેરે ફળો, પુષ્પની બે માળા, રૂમાલ, દુધ, દહીં, ઘી, મધ તથા સાકર, પુણ્યાહવાચન માટે એક તાંબાનો કળશ, શ્રીલક્ષ્મી નારાયણને પધરાવવા માટે બાજઠ, નૈવેદ્ય માટે સવા શેર ઘી, સવા શેર સાકર સવા શેર દુધ, સવા શેર ઘઉંનો રવો તથા સવા શેર કેળાં, આ પ્રમાણે સર્વ સામગ્રી કરવી કે જેથી સત્યનારાયણ દેવની પૂજામાં વિઘ્ન આવે નહિ. નમસ્કાર કર્યાં પછી બે હાથ જોડાવા નિચેના આચાર્ય મંત્રો બોલવા:—

ॐ श्रीमन्महागणपतये नमः श्रीगुरुभ्यो नमः। श्रीलक्ष्मी नारायणाभ्यां नमः श्रीकुलदेवताभ्यो नमः । श्रीइष्टदेवताभ्यो नमः ग्रामदेवताभ्यो नमः । सर्वेभ्यो ब्राह्मणेभ्यो नमः ।

ॐ सुमुखश्चैकदन्तश्च कपिलो गजकर्णकः ॥ लंबोदरश्च विकटो विघ्ननाशो विनायकः ॥ १ ॥ धूम्रकेतुर्गणाध्यक्षो भालचंद्रो गजाननः

द्वादशैतानि नामानि यः पठेच्छृणुयादपि ॥ २ ॥ विद्यारम्भे विवाहे च प्रवेशे निर्गमे तथा ॥ संग्रामे संकटे चैव विघ्नस्तस्य न जायते ॥ ३ ॥ शुक्लांबरधरं देवं शशिवर्णं चतुर्भुजं ॥ प्रसन्नवदनं ध्याये-त्सर्वविघ्नोपशांतये ॥ ४ ॥ अभीप्सितार्थसिद्ध्यर्थं पूजितो यः सुरासुरैः ॥ सर्वविघ्नहरस्तस्मै गणाधिपतये नमः ॥ ५ ॥ वक्रतुंड महाकाय सूर्यकोटिसमप्रभ ॥ निर्विघ्नं कुरु मे देव सर्वकार्येषु सर्वदा ॥ ६ ॥ सर्वमंगलमांगल्ये शिवे सर्वार्थसाधिके ॥ शरण्ये त्र्यंबके गौरि नारायणि नमोस्तु ते ॥ ७ ॥ लाभस्तेषां जयस्तेषां कुतस्तेषां पराजयः ॥ येषामिन्दीवरश्यामो हृदयस्थो जनार्दनः ॥१॥ सर्वेष्वारंभकार्येषु त्रयस्त्रिभुवनेश्वराः ॥ देवा दिशंतु नः सिद्धिं ब्रह्मेशानजनार्दनाः

પૂજાને વિધિ.

अद्याद्य महामांगल्यफलप्रदे मासोत्तमे मासे अमुकमासे अमुकपक्षे अमुकतिथौ अमुकवासरे अमुकनक्षत्रे ॥ ममसकलदुरितोपशमन सर्वापच्छांतिपूर्वकसकलमनोरथसिद्ध्यर्थं यथासंपादितसामग्र्या गणेश गौरीवरुणब्रह्माविष्णुरुद्रलक्ष्मीसूर्यादिनवग्रहदेवतेंद्राद्यष्टलोकपाल देवता पूजनपूर्वकमंगीकृतश्रीसत्यनारायणपूजन तथा तत्कथाश्रवणमहं करिष्ये॥ तदंगीभूतमासनादिकलशाराधनं च करिष्ये ॥ એમ ભણીને હાથમાંનું જળ પૃથ્વીપર મૂકવું રૂ ૩૯૫ અહ રહ્યા પછી યજમાને બે હાથ જોડીને પૃથ્વી દેવીની આરાધના કરવી કે:-पृथ्वीत्वया धृता लोका देवि त्वं विष्णुना धृता ॥ त्वं च धारयमां देवि पवित्रं कुरु चासनम् ॥ ॥ એ મંત્ર ભણીને પોતાના આસનપર પાણી છાટવું તથા આ પાસની ભૂમિપર પણ પાણી છાટવું, તે પછી હાથમાં ચોખા લઈને નીચેનો મંત્ર ભણવાં ભણતાં ને ચોખા ચાર દિશાઓમાં નાખવા.

अपसर्पन्तु ते भूता ये भुता भुमिसंस्थिता ॥ ये भुता विघ्नकर्तारस्ते नश्यन्तु शिवाज्ञया ॥ १ ॥

ગણપતી પૂજન.

પછી તેમાં દક્ષિણા નંખાવવી. પછી તે કળશમાંથી થોડું પાણી પંચપાત્રમાં લેવું અને હાથમાં જળ લઇને ગણપતિની પૂજા કરવી ચોખાની કે ઘઉંની ઢગલીપર એક તાંબુલ ઉપર ગણપતિની મૂર્તિ કે સોપારીને પધરાવવી. रम्यं सुशोभनं दिव्यं सर्वसौख्यकरं शुभम् ॥ आसनं च मया दत्तं गृहाण परमेश्वर ॥ ગણપતિના સમીપ આસનાર્થે પુષ્પ અર્પણ કરવાં. श्री सिद्धिबुद्धिसहितमहागणपतये पादयोः पाद्यं हस्तयोरर्घ्यं समर्पयामि ॥ ગણપતિ દેવને પાદ્ય તથા અર્ઘ્ય અર્પણ કરવા. સ્નાન કરાવ્યા પછી नवभिस्तंतुभिर्युक्तं त्रिगुणं देवतामयं ॥ उपवीतं मया दत्तं गृहाण परमेश्वर ॥ ઉપવીત પહેરાવવું. श्रीखंडं चंदनं दिव्यं गंधाढ्यं सुमनोहरम् ॥ विलेपनं सुरश्रेष्ठ चंदनं प्रतिगृह्यताम् ॥ ચંદન ચડાવવું. अक्षताश्च सुरश्रेष्ठाः कुंकुमाक्ताः सुशोभिताः ॥ मया निवेदिता भक्त्या गृहाण परमेश्वर ॥ અક્ષત ચડાવવા. माल्यादीनि सुगंधीणि मालत्यादि च प्रभो ॥ मयाहृतानि पूजार्थं पुष्पाणि प्रतिगृह्यताम् ॥ પુષ્પો ચઢાવવાં. दुर्वांकुरान्सुहरितानमृतान्मंगलप्रदान् ॥ आनीतांस्तव पूजार्थं गृहाण गणनायक ॥ દુર્વા ચઢાવવાં. हरिद्राकुंकुमं चैव सिंदूरादि समन्वितम् ॥ सौभाग्य द्रव्यसंयुक्तं गृहाण परमेश्वर ॥ સૌભાગ્ય દ્રવ્ય ચઢાવવાં.

वनस्पतिरसोद्भुतो गंधाढ्यो गंध उत्तमः ॥ आघ्रेयः सर्वदेवानां धूपोयं प्रतिगृह्यताम् ॥ ધુપ કરવો. साज्यं वर्तिसंयुक्तं वह्निना योजितं मया ॥ दीपं गृहाण देवेश त्रैलोक्यतिमिरापह ॥ દીવાપર પુષ્પ ચઢાવવાં, शर्कराखंडखाद्यानि दधिक्षीरघृतानि च ॥ आहारं भक्ष्यभोज्यं च नैवेद्यं प्रतिगृह्यताम् ॥ નૈવેદ્ય ધરવું, पुंगीफलं महद्दिव्यं नागवल्लीदलैर्युतम् ॥ एलादिचूर्णसंयुक्तं तांबूलं प्रतिगृह्यताम् ॥ પાન, સોપારી વિગેરે અર્પણ કરવાં.

इदं फलं मयादेव स्थापितं पुरतस्तव ॥ तेन मे सफलावाप्तिर्भवेज्जन्मनि जन्मनि ॥ શ્રીફળ અર્પણ કરવું. हिरण्यगर्भगर्भस्थं हेमबीजं विभावसोः अनंतपुण्यफलदमतः शान्तिं प्रयच्छ मे ॥ ગણપતિના સન્મુખ દક્ષિણા ધરવી

कर्पुरकं महाराज रम्भोद्भूतं च दीपकम् । मंगलार्थं महीपाल संगृहाण गणेश्वर आરતી કરવી. यानि कानि च पापानि ગણુ-પતિની પ્રદક્ષિણા કરવી અને પછી त्वां विघ्नशत्रु दलनेति च सुंदरेति भक्तप्रियेति वरदेति सुखप्रदेति । विद्याप्रदेत्यघहरेति च ये स्तुवन्ति तेभ्यो गणेश वरदो भव नित्यमेव ॥ પુષ્પો ગણુપતિના ચરણુમાં અર્પણ કરી મસ્તક નમાવીને પ્રણામ કરવાં.

અભિષેક કળશનું પૂજન.

તે પછી યજમાને પોતાની સન્મુખ ચોખાની ઢગલી કરી તેના ઉપર તાંબાનો કળશ સ્થાપન કરીને देवहृष्यादि संभूतं ताम्रजं सुदृढं नवं । कलशं धौतकल्माषं छिद्रवर्णविवर्जितम् ॥ કળશની પ્રાર્થના કરવી, जीवनं सर्वजीवानां पावनं पावनात्मकम् । बीजं सर्वौषधीनां च तज्जलं पूरयाम्यहम् ॥ કળશમાં પાણી ભરવું, सूत्रं कार्पाससंभूतं ब्रह्मणा निर्मितं पुरा । येन बध्दं जगत्सर्वं वेष्टनं कलशस्य च । કળશને કંઠે સૂત્ર વિંટવું, देवेभ्यः पुरतो जाता देवेभ्यस्त्रियुगं पुरा शतं तनु च या बहुजीवनं जीवनाय च॥ કળશમાં સર્વૌષધિ નાંખવી. दूर्वेऽमृतसंपन्ने शतमूलशतांकुरे॥शतपातकसंहन्त्री शतमायुष्यवर्धनि ॥ પાણીના કળશમાં દૂર્વા નાંખવા. अश्वत्थोदुंबरप्लक्षचूतन्यग्रोधपल्लवाः॥ पंचमंगाहृति प्रोक्ताः सर्वकर्मसु शोभनाः॥ विविध पुष्पसंजातं देवानां प्रीतिवर्धनम् ॥ क्षहं यत्कार्यसंभूतं कलशे निक्षिपाम्यहम् ॥ પાંચ પલ્લવો તથા પુષ્પો કળશમાં નાંખવાં. धान्यौषधिमनुष्याणां जीवनं परमं स्मृतम् ॥ क्षिप्तं यत्कार्यसंभूतं कलशे निक्षिपाम्यहम् ॥ કળશમાં ધાન્ય પ્રક્ષેપ કરવો. पुगीफलमिदं दिव्यं पवित्रं पापनाशनम् । पुत्रपौत्रादिफलदं कलशे निक्षिपाम्यहम् ॥ કળશમાં સોપારી નાંખવી हिरण्यगर्भ કળશમાં દક્ષિણાર્થે સુવર્ણ અથવા તો રૂપાનાણું નાંખવું, कनकं कुलिशं नीलं पद्मरागं च मौक्तिकं ॥ एतानि पंच रत्नानि कलशे नि[illegible] ॥ પાંચ રત્નો અને તેને અભાવે રૂપાનાણું યથાશક્તિ નાંખવું, તે પછી હાથમાં અક્ષત લઇ नमो नमस्ते स्फटिक

प्रभाय सुश्वेतहाराय सुमंगलाय । सुपाशहस्ताय झषासनाय जलाधि- नाथाय नमो नमस्ते ।। वरुणमावाहयामि હાથમાંના અક્ષતો કળશ ઉપર છાંટવા તે પછી वरुणाय नमः એમ બોલી, ચંદન પુષ્પ, ધુપ, દીપ, નૈવેદ્ય, ફલ, મુખવાસ, તાંબુલ દક્ષિણા વગેરે વરૂણ દેવની પાસે તે તે પદાર્થોનાં નામની સાથે समर्पयामि એમ કહીને મુકવાં. ઉપરે अनया पूजया सांगः सपरिवारो वरुणदेवः प्रीयताम् એમ કહીને હાથમાંનું પાણી જમીનપર મૂકવું. તે પછી કંકુવાળા હાથ ખરડી, કળશ ઉપર નાળીયેર મૂકીને તે કળશ હાથવડે જમણા ખભા તરફ ઝાલી રાખવો. યજમાને તે કળશ હાથમાં રાખતાં વખતે ડાબાક ? પૃથ્વીપર ઘુંટણ ટેકવીને બેસવું અને પોતાના પુરોહિતના તરફ જોઇને કહેવું કે भो ब्राह्मणाः मह्यं सकुटुंबिने महाजनान्नमस्कुर्वाणाय आशी- र्वचनमपेक्षमाणाय अस्य कर्मणःपुण्याहं भवन्तो ब्रुवन्तु એટલે પુરોહિતે તેના ઉતરમાં ત્રણ વાર કહેવું કે पुण्याहं पुण्याहं पुण्याहं ફરીને યજ- માને કહેવું કે भो ब्राह्मणाः मह्यं स अस्य कर्मणः कल्याणं भवंतो ब्रुवन्तु એટલે પુરોહિતે कल्याणम् એ પદ ત્રણ વાર બોલવું. ફરીને યજમાને કહેવું કે भो ब्राह्मणाः मह्यं स अस्य कर्मणः ऋद्धिं भवंतो ब्रुवंतु એટલે પુરોહીતે कर्म ऋध्यताम् એમ ત્રણવાર કહેવું. ફરીને યજમાને કહેવું भो ब्राह्मणाः मह्यं सं. अस्य कर्मणः स्वस्ति भवंतो ब्रुवंतु એટલે પુરોહીતે स्वस्ति એમ ત્રણવાર કહેવું ફરીને યજમાને કહેવું કે, भो ब्राह्मणाः अस्य कर्मणः श्रीरस्त्विति भवंतो ब्रुवंतु એટલે પુરોહિતે अस्तु श्रीः એમ ત્રણ વાર બોલવું.

પછી પુરોહિતે યજમાન અને યજમાન પત્નીને પેલા મંગળ કળશના જળવડે અભિષેક કરવો અને તે વખતે યજમાન પત્નીને યજમાને ડાબે પડખે બેસાડવી અને નીચેના મંત્રોથી કળશમાંના પાણીવડે યજમાન અને યજમાનની પત્નીપર જળનો અભિષેક કરવો.

भगं ते वरुणो राजा भगं सूर्यो बाकुरः ॥ भगमिन्द्रश्च व ब्रुवंतो भगं सप्तर्षयो ददौ ।। यत्ते केशेषु दौर्भाग्य सीमन्ते यच्च मूर्धनि ॥ ललाटे कर्णयोरक्ष्णोरापो निघ्नन्तु ते सदा ॥

શ્રી સત્યનારાયણનો પૂજન વિધિ.

યજમાને હાથમાં જલ લઇ અદ્યાદ્યેત્યાદિ પૂર્વની પેઠે બોલીને स्वामूर्तेः अंगप्रत्यंग पंचिलमुत्पन्नं आतपाग्निसंयोगजनित दोषपरिहारार्थं अग्न्युत्तारणमहं करिष्ये ॥ એ રીતે સંકલ્પ કરી મૂર્તિને ઘી લગાડીને તેના ઉપર પાણીની ધારા કરવી. પછી લક્ષ્મીનારાયણની મૂર્તિને હાથમાં લઇ आं ह्रीं क्रीं यं रं लं वं शं षं, हं ळं क्षं हं सः सोहं ॥ આ મૂર્તિમાં પ્રાણ આવો। आं ह्रीं हंसः सोहं આમાં જીવનો સંચાર થાવ। आं ह्रीं हंस सोहं ॥ એમ કહીને આમાં સર્વ ઇંદ્રિયોનો વાસો આવ! એમ કહેવું તે પછી 'श्रीसीताकार' એ મંત્રે કરીને શ્રીલક્ષ્મીનારાયણનું ધ્યાન કરવું. અને નીચેના મંત્રથી આવાહન કરવું:-
आवाहये त्वां गरुडोपरिस्थितं रमार्धदेहं सुरराजवंदितम् ॥ कसांतक चक्रगदाब्जहस्तं भजामि देवं वसुदेवसूनुम् એ મંત્રથી નારાયણનું આવાહન કરવું सिंहासने रत्नमये सदैव हेमाभपीतांबरशोभमाने॥ कृपानिधे नंदन विश्वमूर्ते स्थिरोभवास्मिन् मम यज्ञसिद्धयै ॥ એ મંત્ર ભણીને આસન તથા પાદ્ય અર્પણ કરવાં सुवर्णपात्रे यमुनाजलं च गंधाक्षते पुण्यतैश्चयोतत् ॥ मयानित पाद्यमिदं गृहाण भो जानकीनाथ नमोनमस्ते ॥ એ મંત્ર ભણીને પાદ્ય અર્પણ કરવું. सुनिर्मलं ब्रह्मपदाब्धिनिर्गतं गंधादियुक्तं महदमृतं च ॥ निवेदितं विश्वगुरो च तोयं गृहाणह्यर्घ्यं भगवन्नमस्ते ॥ આ મંત્ર ભણીને અર્ઘ્ય અર્પણ કરવો. भो पुण्यकीर्तेश्वर विश्वबाहो ब्रह्मादिभिः पूजितपादपद्म ॥ गृहाण देवेश मया निवेदितमाचम्यतां विश्वविनोदि विष्णो ॥ એ મંત્ર ભણીને આચમન આપવું.

તે પછી सुस्वादुनातिरुच्येन गव्येन पयसा विभो ॥ स्नानीयं ते महाभक्त्या गृहाण पुरुषोत्तम ॥ આ મંત્ર ભણીને દૂધથી સ્નાન કરાવવું પછી શુદ્ધ જળથી સ્નાન કરાવવું, चंद्रमंडलसंकाशं सर्वदेवप्रियं दधि ॥ स्नापनार्थं मया दत्तं प्रत्यर्थं प्रतिगृह्यताम् ॥ એ મંત્ર ભણીને દહીંથી સ્નાન કરાવવું અને પછી શુદ્ધ જળથી

સ્નાન કરાવવું, घृतकुंभसमायुक्तं घृतयोने घृतप्रिय ॥ घृतभुक् घृतधातासि घृतं स्नानाय गृह्यताम् ॥ એ મંત્ર ભણીને ઘીવડે સ્નાન કરાવીને પછી શુદ્ધ જળથી સ્નાન કરાવવું. मधुरूपो वसंतस्त्वं त्वमेव सर्वदा विभो ॥ मधुसूदनसंप्रीत्यै मधुस्नानाय गृह्यताम् ॥ એ મંત્ર ભણીને મધથી સ્નાન કરાવી પછી શુદ્ધ જળથી સ્નાન કરાવવું. शर्कराघृतसंयुक्तं त्वमेव शर्करा प्रभो ॥ अमल शर्करा प्रीत्या स्नानाय मातंगृह्यताम् ॥ એ મંત્ર ભણીને શર્કરાથી સ્નાન કરાવવું અને પછી શુદ્ધ જળથી સ્નાન કરાવવું. તે પછી શ્રીલક્ષ્મીનારાયણ ઉપર પુરૂષ સુક્તથી અથવા તો વિષ્ણુ સુક્તથી જળવડે અભિષેક કરવો. અભિષેક કર્યા પછી वेदसूक्तसमायुक्ते यज्ञसामसमन्विते । सर्ववर्णप्रदे देव वाससी प्रतिगृह्यताम् ॥ એ મંત્ર ભણીને શ્રીલક્ષ્મીનારાયણને વસ્ત્ર પહેરાવવાં ब्रह्मविष्णुमहेशैश्च निर्मितं ब्रह्मसूत्रकम् ॥ यज्ञोपवीतदानेन प्रीयतां कमलापतिः ॥ આ મંત્ર ભણીને યજ્ઞોપવીત પહેરાવવું. श्रीखंडं चंदनं दीव्यं गंधाढयं सुमनोहरं ॥ विलेपनं सुरश्रेष्ठ चंदन प्रतिगृह्यताम् ॥ એ મંત્ર ભણીને ચંદન ચઢાવવું. हरिद्रारंजिता देवी परसौभाग्यदायिनी । अतस्त्वां पुजयिष्यामि गृहाण परमेश्वरी ॥ એ મંત્ર ભણીને લક્ષ્મીજીને હરિદ્રા ચઢાવવી. कुंकुम कामदं दिव्यं कामनाकामसंभवम् । कुंकुमेनार्चितो देवी गृहाण परमेश्वरि ॥ એ મંત્રવડે કુંકુમ ચઢાવવું. अक्षताश्च सुरश्रेष्ठाः कुंकुमाक्ताः सुशोभिताः। मया निवेदिता भक्त्या गृहाण परमेश्वर ॥ એ મંત્ર ભણીને અક્ષત ચઢાવવી. मल्लिकादि सुगंधीनि मालत्यादीनि वै प्रभो ॥ मया हृतानि पुजार्थं पुष्पाणि प्रतिगृह्यताम् ॥ એ મંત્ર ભણીને શ્રીસત્યનારાયણને પુષ્પો ચઢાવવાં. તે પછી વિષ્ણુના સહસ્ત્ર નામવડે શ્રીનારાયણ ઉપર એક હજાર તુલસીદલ ચઢાવવાં. તુલસીદલ ચઢાવ્યા પછી वनस्पतिरसोद्भूतो गंधाढ्यो गंधउत्तमः ॥ आघ्रेयः सर्वदेवानां धूपोयं प्रतिगृह्यताम् ॥ એ મંત્રવડે ધુપ કરવો. सज्यं च वर्तिसंयुक्तं वह्निना योजितं मया ॥ दीपं गृहाण देवेश त्रैलोक्यतिमिरापहम् ॥ એ મંત્ર ભણીને દીપક અર્પણ કરવો. घृतपक्वं हविष्यान्नं पायसं च सशर्करं ॥ कदलीफल

संयुक्तं नैवेद्यं प्रतिगृह्यताम् ॥ એ મંત્રવડે શીરાનું તથા ફળનું નૈવેદ્ય અર્પણ કરવું. તે પછી હાથ અને મુખ પ્રક્ષાલન કરાવીને નીચેના મંત્રથી સત્યનારાયણ દેવને આચમન કરાવવું लवंगकर्पूरयुतं तांबूलं पुजितम् ॥ प्रीत्या गृहाण देवेश मम सौख्यं विविर्धय ॥ એ મંત્ર ભણીને તાંબુલ અર્પણ કરવું हिरण्यगर्भगर्भस्थं એ મંત્ર ભણીને તેમની સમીપ દક્ષિણા મુકવી इदं फल मया देव स्थापितं पुरतस्तव ॥ तेन मे सफलावाप्तिर्भवेज्जमनि जन्जनी ॥ એ મંત્ર ભણીને શ્રીસત્યનારાયણ દેવના ચરણારવિંદમાં શ્રીફળ અર્પણ કરવું. चतुर्वर्तिसमायुक्तं घृतेषु च सुपुरितम् ॥ नीरांजनेन संतुष्टो भवत्वेव जगत्पतिः ॥ એ મંત્રથી તેમની આરતી કરવી તે પછી यानि कानि च पापानि जन्मांतर-कृतानि च ॥ तानि तानि विनश्यन्ति प्रदक्षिणपदे पदे ॥ એ મંત્ર ભણતાં ભણતાં શ્રીસત્યનારાયણ દેવની પ્રદક્ષિણા કરવી. તે પછી બન્ને હાથમાં પુષ્પ લઇને નીચેના મંત્રથી પુષ્પાંજલિ કરવી. विद्याबुद्धिध-नैश्वर्यपुत्रादिसंपदः ॥ पुष्पांजलिप्रदानेन देहि मे इप्सितं वरम् ॥ આ રીતે પુષ્પાંજલી થઇ રહ્યા પછી બે હાથ જોડીને નીચે પ્રમાણે પ્રાર્થના કરવી—यन्मया भक्तियुक्तेन पत्रं पुष्पं फलं जलं ॥ निवेदितं च नैवेद्यं तद्गृहाणानुकंपया ॥ मंत्रहीनं क्रियाहीनं भक्तिहीनं जना-र्दन ॥ यत्पुजितं मया देव परिपूर्णं तदस्तु मे ॥ अमोघ पुंडरीकाक्षं नृसिंह दैत्यसूदनं हृषीकेशं जगन्नाथ वागीशं वरदायकं ॥ गुणत्रयं गुणातीतं गोविंदं गरुडध्वजं ॥ जनार्दनं जनातीतं जानकीवल्लभं ह-रिम् ॥ प्रणमामि सदा भक्त्या नारायणमतः परम् ॥ दुर्गमे विषमे घोर शत्रुभिः परिपीडिते ॥ निस्तारयस्व सर्वेषु तथा निष्टफलेषु च । नामान्येतानि संकीर्त्य इप्सितं फलमाप्नुयात् ॥ सत्यनारायणं देवं वंदेहं कामदं प्रभु ॥ लीलयाविततं विश्वं येन तस्मै नमोनमः ॥

॥ इति श्रीसत्यनारायण पूजा समाप्तः ॥



अथ श्री सत्यनारायणनी कथा.

अध्याय १ लो.

॥ ऋषय ऊचुः ॥

एकदा नैमिषारण्ये ऋषयः शौनकादयः ॥
पप्रच्छुर्मुनयः सर्वे सूतं पौराणिकं खलु ॥ १ ॥

અયોધ્યાની સમીપે નૈમિશારણ્યમાં રહેનારા, અને મંત્રને જોનારા, શૌનક આદી ઋષીઓ, સંપુર્ણ પુરાણો જાણનારા સુત નામના પુરાણીને નીચેનો પ્રશ્ન કરતા હવા. ૧.

व्रतेन तपसा किं वा प्राप्यते वांच्छितं फलम् ॥
तत्सर्वं श्रोतुमिच्छामः कथयस्व महामुने ॥ २ ॥

હે મહામુને! કીયું વ્રત અથવા તપ કર્યાથી વાંછીત ફળ પ્રાપ્ત થાય છે. તે શ્રવણ કરવા ઈચ્છા કરીએ છીએ; માટે આપ અમને કથન કરો. ૨.

॥ सूत उवाच ॥

नारदेनैव संपृष्टो भगवान्कमलापतिः ॥
सुरर्षये यथैवाह तच्छृणुध्वं समाहिताः ॥ ३ ॥

એવો પ્રશ્ન શ્રવણ કરીને સુત કહે છે, કોઇ કાળના વિષે દેવરૂષી નારદજીએ શ્રીકૃષ્ણજીને વૈકુંઠમાં એવોજ પ્રશ્ન કર્યો હતો. તેમાં જે શ્રીકૃષ્ણ ભગવાને ઉત્તર આપ્યો તેજ હું તમને કહું છું તે તમો સાવધાન થઇને સાંભળો. ૩.

एकदा नारदो योगी परानुग्रहकांक्षया ॥
पर्यटन् विविधाँल्लोकान्मर्त्यलोकमुपागतः ॥ ४ ॥

આ પ્રશ્ન શ્રીભગવાને કરતાં પહેલાં શ્રીનારદજી રૂષી એક વખત મનુષ્ય લોકમાં પારકા ઉપર કૃપા કરવી આ હેતુથી આવ્યા. ૪.

ततो दृष्ट्वा जनान्सर्वान्नानाक्लेशसमन्वितान् ॥
नानायोनिसमुत्पन्नान्क्लिश्यमानान्स्वकर्मभिः ॥५॥

અને તે પછી મનુષ્ય લોકમાંના અનેક માણસ નાના પ્રકારના કલેશ અનેક યોનીમાં જન્મ આદી ઘણા પ્રકારનાં દુઃખો ભોગવે છે અને પોતાના કર્મે કરીને કલેશ પામે છે એવું જોઇને ૫

केनोपायेन चैतेषां दुःखनाशो भवद् ध्रुवम् ॥
इति संचिंत्य मनसा विष्णुलोकं गतस्तदा ॥ ६ ॥

" કીયો ઉપાય કર્યાથી આ સર્વ મનુષ્યનાં દુઃખ-કલેશ દુર થાય, એવો વિચાર મનમાં લાવી નારદરૂષી ફરતા ફરતા વિષ્ણુલોકમાં ગયા. ૬

तत्र नारायणं देवं शुक्लवर्णं चतुर्भुजम् ॥
शंखचक्रगदापद्मवनमालाविभूषितम् ॥ ७ ॥

વૈકુંઠમાં નારદજી ગયા અને ત્યાં શુકલવર્ણ, ચતુર્ભુજ અને દરેક હાથમાં શંખ, ચક્ર, ગદા પદ્મ ધારણ કરેલાં છે, પગસુધી લટકનારી અને શોભા આપનારી વનમાળા કંઠમાં છે. ૭.

दृष्ट्वा तं देवदेवेशं स्तोतु समुपचक्रमे ॥

॥ श्रीभगवान उवाच ॥

नमो वाङ्मनसातीतरूपायानंतशक्तये ॥ ८ ॥

એવા સર્વોત્તમ શ્રીનારાયણ દેવ (ભગવાન) ને જોઈ નારદરૂષીએ તેમની સ્તુતી વંદન કરવા સારૂ આરંભ કર્યો નારદજી કહે છે વાણી અને મન એથી પણ અતીત એવા અનંત શક્તીરૂપને નમસ્કાર કરૂં છું. ૮.

आदिमध्यांतहीनाय निर्गुणाय गुणात्मने ॥
सर्वेषामादिभूताय भक्तानामार्तिनाशिने ॥ ९ ॥

તમો આદી મધ્ય અને અંત આ ત્રણ વગર નિરગુણ છતાં ભકતોની પીડા મટાડવાને સગુણ થવાને આપ સર્વથી પહેલા છો અને ભકતોનાં દુઃખ દુર કરો છો. ૯.

श्रुत्वा स्तोत्रं ततो विष्णुर्नारदं प्रत्यभाषत ॥
किमर्थमागतोऽसि त्वं किं ते मनसि वर्तते ॥१०॥

આ પ્રમાણે નારદજીએ કરેલી સ્તુતી સાંભળીને શ્રી ભગવાન વિષ્ણુ નારદજીને કહે છે. " હે નારદરૂષી ! તમો શો હેતુ મનમાં રાખી અહીં આવ્યા છો. " ૧૦.

कथयस्व महाभाग तत्सर्वं कथयामि ते ॥

॥ नारद उवाच ॥

मर्त्यलोके जनाः सर्वे नानाक्लेशसमन्विताः ॥
नानायोनिसमुत्पन्नाः पच्यंते पापकर्मभिः ॥ ११ ॥

"તમારા મનમાં જે કાંઇ હેતુ હોય તે મને કહો, તેનો ઉત્તર હું તમને કહીશ" "હે પ્રભુ! મનુષ્ય લોકમાં સર્વ જન અનેક કલેશ થકી યુક્ત એવા અનેક યોનીમાં ઉત્પન્ન થઇને પાપ કર્મથી રચી પચી રહેલાં છે." ૧૧.

तत्कथं शमयेन्नाथ लघूपानयेन तद्वद ॥
श्रोतुमिच्छामि तत्सर्वं कृपास्ति यदि ते मयि ॥१२॥

"માટે તે જનોનાં દુઃખ હે પ્રભુ! જે કાંઈ સહેજશાજ ઉપાયથકી શાંત થાય એવો ઈલાજ આપની કૃપા મારા ઉપર હોય તો આપની પાસેથી શ્રવણ કરવાની હું ઇચ્છા રાખુંછું. ૧૨.

॥ श्रीभगवानुवाच ॥

साधु पृष्टं त्वया वत्स लोकानुग्रहकांक्षया ॥
य[illegible]त्वा मुच्यते मोहात्तच्छृणुष्व वदामि ते ॥ १३ ॥

એવું નારદજી રૂષીનું ભાષણ સાંભળી શ્રીભગવાન કહે છે. "હે શ્રેષ્ટ નારદજી! તમે ઘણીજ સારી વાત

મને પુછી. લોકો ઉપર કૃપા કરવી એવી તમારી ઈચ્છા છે, તો જે વ્રત કર્યાથી તમોએ કહેલા બધા પીડા રૂપી મોહમાંથી તે લોકો મુક્ત થશે એવો ઉપાય કહું છું સાંભળો. ૧૩.

व्रतमस्ति महत्पुण्यं स्वर्गे मर्त्ये च दुर्लभम् ॥
तव स्नेहान्मया वत्स प्रकाशः क्रियतेऽधुना ॥ १४ ॥

હે પુત્ર! ઘણું પુણ્ય આપવાવાળું મનુષ્યલોકમાં અને સ્વર્ગમાં પણ દુર્લભ એવું વ્રત છે તે તમારી સાથે સ્નેહભાવ હોવાથી હમણાં કહું છું. ૧૪.

सत्यनारायणस्यैवं व्रतं सम्यग्विधानतः ॥
कृत्वा सद्यः सुखं भुक्त्वा परत्र मोक्षमाप्नुयात् ॥१५॥

" સત્યનારાયણ દેવનું વ્રત ઉત્તમ પ્રકારે અને વિધિયુક્ત કર્યાથી માણસ તત્કાલસુખ પામશે અને દેહછુટયા પછી પણ પરલોકમાં મોક્ષ પામશે. " ૧૫.

तच्छ्रुत्वा भगवद्वाक्यं नारदो मुनिरब्रवीत् ॥

॥ नारद उवाच ॥

किं फलं किं विधानं च कृतं केनैव तद् व्रतम् ॥१६॥

આ પ્રકારનું ઇશ્વરનું વાકય સાંભળીને નારદઋષી પુછે છે કે. "તે વૃત કર્યાથી શું ફળ થશે અને તેનું વિધાન કેવું અને પુર્વે આ વૃત કોણે કરેલું ?" ૧૬.

तत्सर्वं विस्तराद् ब्रूहि कदा कार्यं हि तद् व्रतम् ॥

॥ नारद उवाच ॥

दुःखशोकादिशमनं धनधान्यप्रवर्धनम् ॥ १७ ॥

"વિગેરે સવિસ્તર હકીકત ને વૃત કયારે કરવું ? તે કહો." એવો નારદજીનો ફરીથી પ્રશ્ન સાંભળીને શ્રીભગવાન કહે છે "હે નારદજી ! આ સત્યનારાયણનું વૃત દુઃખ શોક વિગેરેને મટાડવાવાળું અને ધાન્યને વધારવાવાળું એવું ઘણુંજ ઉત્તમ ફળ આપવાવાળું છે." ૧૭.

सौभाग्यसंततिकरं सर्वत्र विजयप्रदम् ॥

यस्मिन्कस्मिन्दिनेमर्त्योभक्तिश्रद्धासमन्वितः॥१८॥

આ વૃત સ્ત્રીઓને સંતતી અને સોભાગ્ય પ્રાપ્તી કરવાવાળું એવું છે; તેમજ પુરૂષોને પણ વીજયવાળું એવું છે; ગમે તે દીવસે પુર્ણ શ્રદ્ધાથી. ૧૮.

सत्यनारायणं देवं यजेच्चैव निशामुखे ॥

ब्राह्मणैर्बांधवैश्चैव सहितो धर्मतत्परः ॥ १९ ॥

અપવાસી રહી તે સત્યનારાયણ દેવનું સાયંકાળની વખતે બ્રાહ્મણ અને પોતાના સગાવહાલા ઈષ્ટમિત્રને બોલાવી પુજન કરવું. ૧૯.

नैवेद्यं भक्तितो दद्यात्सपादं भक्ष्यमुत्तम्
रंभाफलं घृतं क्षीरं गोधूमस्य च चूर्णकम् ॥२०॥

આ પુજનમાં નૈવેદ્યમાં ઘઉંનો રવો પાંચ ચતુર્થાંશ લઈ તેમાં કેળાં ઘી ખાંડ નાંખી સારો શીરો કરીને કરવો. ૨૦.

अभावे शाल्चिर्णं वा शर्करा वा गुडं तथा ॥
सपादं सर्वभक्ष्याणि चैकीकृत्य निवेदयेत् ॥२१॥

પુજન કરવાને ઘઉંનો રવો ન મળે તો ચોખાનો લોટ લેવો, ખાંડ ન હોય તો ગોળ લેવો પણ બધી જણસો સવાશેર લેવી. ૨૧.

विप्राय दक्षिणा दद्यात्कथां श्रुत्वाजनैः सह ॥
ततश्च बंधुभिः सार्धं विप्रांश्च प्रतिभोजयेत् ॥२२॥

પછી પોતાની શક્તી પ્રમાણે બ્રાહ્મણોને દક્ષણા આપવી અને શ્રીસત્યનારાયણ વૃત કથા પોતાનાં સગાંવહાલાં ઇષ્ટમિત્ર સાથે શ્રવણ કરવી તે પછી પોતાના સગાંવહાલાં તથા બ્રાહ્મણો સાથે ભોજન કરવું. ૨૨.

सपादं भक्षयेद्भक्त्या नृत्यगीतादिकं चरेत् ॥
ततश्च स्वगृहं गच्छेत्सत्यनारायणं स्मरन् ॥ २३ ॥

અને ભક્તિ કરી શ્રી સત્યનારાયણ આગળ નૃત્ય તથા ગાયન કરવું એવી રીતે નદીના તીર ઉપર અથવા દેવાલયમાં એવું વ્રત કરીને શ્રી સત્યનારાયણ ભગવાનનું સ્મરણ કરતે પોતાના ગૃહે જવું. ૨૩.

एवं कृते मनुष्याणां वांछासिद्धिर्भवेद् ध्रुवम् ॥
विशेषतः कलियुगे लघूपायोऽस्ति भूतले ॥२४॥

આ રીતે આ વ્રત ભક્તિથી જે માણસ કરશે તેની મનકામના સિદ્ધ થશે. આ ઘણું કરીને કલિયુગમાં અનેક તરેહથી પીડા થકી પીડીત એવાં લોકોને આ સહેલા ઉપાયથી આ મોટા દુઃખમાંથી મુક્ત થવા સારૂ ઘણોજ નહાનો આ મનુષ્યલોકમાં ઇલાજ છે. ૨૪.

इति श्रीस्कंदपुराणे रेवाखंडे सत्यनारायणकथायां
प्रथमोऽध्यायः ॥ १ ॥

अध्याय २ जो.

॥ सूत उवाच ॥

अथान्यत्संप्रवक्ष्यामि कृतं येन पुरा द्विज ॥
कश्चित्काशीपुरेरम्ये ह्यासीद्विप्रोऽतिनिर्धनः ॥१॥

સુતજી કહે છે બીજું એક કહું છું કે પુર્વે રમણીય એવા કાશીક્ષેત્રના વિષે રેહેનારો એક બ્રાહ્મણ અત્યંત નિર્ધન હતો. ૧.

क्षुत्तृड्भ्यां व्याकुलो भूत्वा नित्यं बभ्राम भूतले ॥
दुःखितं ब्राह्मणं दृष्ट्वाभगवान्ब्राह्मणप्रियः ॥ २ ॥

તે દરરોજ ભુખે અને તરસે પીડાએલો આકુલ વ્યાકુલ થઈ કાશીક્ષેત્રમાં ફરતો. એ અત્યંત દુઃખીત બ્રાહ્મણને બ્રાહ્મણ જેને પ્રિય છે એવા શ્રી ભગવાને જોયો. ૨.

वृद्धब्राह्मणरूपस्तं पप्रच्छ द्विजमादरात् ॥
किमर्थं भ्रमसे विप्र महीं नित्यं सुदुःखितः ॥३॥

અને પોતાનું રૂપ બદલી ઘરડા બ્રાહ્મણનું રૂપ લઈ એ દરિદ્ર બ્રાહ્મણને પુછે છે કે " હે બ્રાહ્મણ ! અત્યત દુખી-

ત એવો જે તું આ પૃથ્વી ઉપર શા શારૂ ફરે છે! ૩

तत्सर्वं श्रोतुमिच्छामि कथ्यतां द्विजसत्तम ॥

॥ ब्राह्मण उवाच ॥

ब्राह्मणोऽतिदरिद्रोऽहं भिक्षा वैभ्रम महान् ॥ ४ ॥

"આ ત્હારૂં વૃત્તાંત સાંભળવા હું ઈચ્છા કરૂ છું માટે હે બ્રાહ્મણ શ્રેષ્ટ! મને કહે" ત્યારે તે દરિદ્રિ બ્રાહ્મણ કહે છે "હું ગરીબ બ્રાહ્મણ અત્યંત દરિદ્રિ છું તેથી ભીક્ષા માગવા સારૂ પૃથ્વી ઉપર ફરૂ છું. ૪

उपायं यदि जानासि कृपया कथय प्रभो ॥

॥ वृद्ध ब्राह्मण उवाच ॥

सत्यनारायणो विष्णुर्वांछितार्थफलप्रदः ॥ ५ ॥

હે પ્રભો ભગવાન! જે મ્હારૂં દરિદ્ર દુર થાય એવો કાંઇ ઈલાજ આપ જાણતા હો તો તે કૃપા કરીને મને કહો" એવું દરીદ્રી બ્રાહ્મણનું ભાષણ સાંભળી ઘરડો બ્રાહ્મણ કહે છે કે "હે બ્રાહ્મણ! સત્યનારાયણ નામના વિષ્ણુદેવ ઇચ્છેલું ફળ કળીયુગના વિષે પુજન કર્યાં થકી આપનાર એવા પ્રત્યક્ષ છે. ૫

तस्य त्वं पूजनं विप्र कुरुष्व व्रतमुत्तमम् ॥
यत्कृत्वा सर्वदुःखेभ्यो मुक्तो भवति मानवः ॥६॥

શ્રી સત્યનારાયણ કહે છે કે " હે બ્રાહ્મણ તું એ સત્યદેવનું વ્રત અને પુજન સારી રીતે કર કે જે કર્યા થકી સર્વ દુ:ખથી મુક્ત થાય છે." ૬

विधान च व्रतस्यापि विप्रायाभाष्य यत्नतः ॥
सत्यनारायणो वृद्धस्तत्रवां परवीयत ॥ ७ ॥

પછી દરીદ્રી બ્રાહ્મણને રૂપ બદલનારા ઘરડા બ્રાહ્મણે વ્રતનું સર્વ વિધાન કહ્યું અને પોતે અંતરધ્યાન થયા. ૭

तद्व्रतं संकरिष्यामि यदुक्तं ब्राह्मणेन वै ॥
इति संचिंत्य विप्रोऽसौ रात्रौनिद्रांन लब्धवान् ॥८॥

" એ ઘરડા બ્રાહ્મણે કહેલું વ્રત કયારે કરીશ' એવી ઉત્કંઠાથી એ દરીદ્રી બ્રાહ્મણને તે વખતથી તે આખી રાત્રિમાં ઉંઘ આવી નહી. ૮

ततः प्रातः समुत्थाय सत्यनारायणव्रतम् ॥
करिष्य इति संकल्प्य भिक्षार्थमगमद्द्विज ॥ ९ ॥

પછી બીજે દિવસે સુર્ય ઉદય થયો. દરીદ્રી બ્રાહ્મણે "હું આજ સત્યનારાયણનું વૃત કરીશ એવો સંકલ્પ કરીને તે હમેશના રીવાજ મુજબ ભીક્ષા માગવા સારૂ ગયો. ૯"

स्मिन्नेव दिने विप्रः प्रचुरं द्रव्यमाप्तवान् ॥
नेनव बंधुभिः सार्धं सत्यस्य व्रतमाचरत् ॥ १० ॥

તે દીવસે હમેશના કરતાં એ બ્રાહ્મણને ઘણું દ્રવ્ય મળ્યું તે મળતાં વારજ તેજ દિવસે એ દરીદ્રી બ્રાહ્મણે પોતાનાં સગાં સબંધી ઇષ્ટમીત્ર વીગેરેને બોલાવી તે સાથે શ્રી સત્યનારાયણનું વૃત કર્યું. ૧૦

सर्वदुःखविनिर्मुक्तः सर्वसंपत्समन्वितः ॥
बभूवास द्विजश्रेष्ठो व्रतस्यास्य प्रभावतः ॥ ११ ॥

એ બ્રાહ્મણે પુર્ણ ભક્તિથી શ્રી સત્યનારાયણનું વૃત તથા પુજન કર્યાથી થોડાજ વખતમાં દરીદ્રિ બ્રાહ્મણ દુઃખ થકી મુક્ત થઈને અગણીત સંપત્તીનો માલેક થયો એવો શ્રી સત્યદેવના વૃત પૂજનનો આ કલીયુગના વિષે તાત્કાલીક

અનુભવ થયો તથા થશે એટલું ઐશ્વર્ય આ શ્રી સત્યદેવના વૃતમાં છે. ૧૧

तनःप्रंभृति कालं च मासि मासि व्रतं कृतेम् ॥
एवं नारायणस्येदं व्रतं कृत्वा द्विजोत्तमः ॥१२॥

એવું જાણીને બ્રાહ્મણ દરએક મહીનામાં આવનારી પ-વંણીને દિવસે વૃત અને પુજા શ્રી સત્યનારાયણ દેવની કરતો એના પુણ્યથી એ બ્રાહ્મણ સર્વ પાપથી નિર્મુક્ત થઇને અત્યંત દુર્લભ મોક્ષપદના વીષે ગયો. ૧૨

सर्वपापविनिर्मुक्तो दुर्लभं मोक्षमाप्तवान् ॥
व्रतमस्य यदा विप्र पृथिव्यां संकरिष्यति ॥१३॥

જે વખતે જે શ્રી સત્યદેવનું વૃત તથા પુજન પૃથ્વી ઉ-પર કરશે તો તે તેજ વખતે સર્વ દુઃખો થકી મુક્ત થશે. ૧૩

तदैव सर्वदुःखं च म[illegible]जस्य विनस्यति ॥
एवं नारायणेनोक्तं नारदाय महात्मने ॥
मया तत्कथितं विप्राः [illegible]न्यत्[illegible]थयामि वः ॥१४॥

સુતજી શોનક આદિ ઋષીયોને કહે છે કે " આ

પ્રમાણે શ્રી સત્યનારાયણે એ નારદઋષીને કલીયુગના રહેલા ઉપાયથી વાસના પુરી કરવા વાળુ વ્રત તથા પુજન કહ્યું હવે એ શીવાય બીજું આપ શું શ્રવણ કરવા ઇચ્છા રાખો છો." ૧૪

॥ ऋषय उचुः ॥

तस्माद्विप्राच्छ्रुतं केन पृथिव्यां चरितं मुने ॥
तत्सर्वं श्रोतुमिच्छस्मः श्रद्धास्माकं प्रजायते ॥१५॥

એવું સુતજી પુરાણીનું ભાષણ સાંભળીને શૌનક આદી ઋષિયો કહે છે કે "મુને! એ બ્રાહ્મણના મુખમાંથી એ ચરિત્ર આ પૃથ્વીમાં કોણે શ્રવણ કર્યું. વીગેરે સર્વ આ વૃત વિષે હકીકત સાંભળવાની અમોને ઘણી ઉત્કંઠા ઉત્પન્ન થઈ છે." ૧૫

॥ सूत उवाच ॥

श्रणुध्वं मुनयः सर्वे व्रतं येन कृतं भुवि ॥
एकदा स द्विजवरो यथाविभवविस्तरः ॥ १६ ॥

એવું શૌનક આદી ઋષીઓનું ભાષણ સાંભળી સુતજી કહે છે. "હે સર્વ મુનીઓ! આ વૃત પૃથ્વી

ઉપર એ પછી તેણે કર્યું એ આપને કહું છું સાવધાન થઇને સાંભળો. ૧૬

बंधुभि स्वजनैः सार्धं व्रतं कर्तुं समुद्यतः ॥
एतस्मिन्नंतरे काले काष्ठकेता समागमत् ॥१७॥

પ્રથમ એક બ્રાહ્મણ એક દિવસના વિષે પોતાની સંપતિ પ્રમાણે પોતાનાં સગાં વહાલાં ઈષ્ટમિત્ર સાથે શ્રી સત્યનારાયણ દેવનું વૃત કરવા આરંભ કરે છે એવામાં એક લાકડાનો ભારો બાંધી માથા ઉપર લેઈ વેચનારો એ ઠેકાણે આવ્યો. ૧૭

बहिः काष्ठं च संस्थाप्य विप्रस्य गृहमाययौ ॥
तृष्णया पीडितात्मा च दृष्ट्वा विप्र कृतव्रतम् ॥ १८ ॥

તેણે માથા ઉપરનો ભારો દરવાજા બહાર મુકી શ્રી સત્યનારાયણ દેવની પુજા થતી હતી ત્યાં ગયો અને તે તરસ્યો હતો તો પણ એક ચીત્તથી તેણે બ્રાહ્મણે કરેલું પુજન જોયુ અને એ વૃતની વીધી પણ જોઇ. ૧૭

प्रणिपत्य द्विजं प्राह किमिदं क्रियते त्वया ॥
कृते किं फलमाप्नोविस्तराद्वद मे प्रभो ॥ १९ ॥

અને તે બ્રાહ્મણને ઘણા આદર સત્કારથી નમસ્કાર કરીને બોલ્યો કે " હે બ્રાહ્મણ શ્રેષ્ઠ આ શું કરો છો અને આવું કર્યાથી શું ફળ થાય છે? હે પ્રભુ કૃપા કરીને મને કહો. ૧૯

॥ विप्र उवाच ॥

सत्यनारायणस्येदं व्रतं सर्वेप्सितप्रदम् ॥
तस्य प्रसादान्मे सर्वं धनधान्यादिक महत ॥२०॥

બ્રાહ્મણ કહે છે કે " શ્રી સત્યનારાયણ દેવનું સર્વ કામના પુર્ણ કરવાવાળું એવું વૃત કરૂ છું અને મેં આ વૃત કર્યું છે તે દિવસથી શ્રી સત્યનારાયણ દેવના પ્રસાદે કરીને મને ધન્ય ધાન્ય આદી મોટી સંપત્તી મળેલી છે." ૨૦

तस्मादेतदव्रतं ज्ञात्वा काष्ठकतातिहर्षितः ॥
पपौ जलं प्रसादं च भुक्त्वा स नगरं ययौ ॥२१॥

આ પ્રમાણે બ્રાહ્મણના મુખમાંથી શ્રી સત્યદેવનું વૃત લાકડાના ભારા વાળાએ સમજી લઇ અને ઘણુંજ હરખાતે તે બ્રાહ્મણે આપેલો પ્રસાદ ભક્ષણ કરી પાણી પીધું અને પોતાના ગામ વિષે ગયો. ૨૧

सत्यनाराणं देवं मनसा इत्यचिंतयत् ॥
काष्ठं विक्रयतो ग्रामे प्राप्यते चाद्य यद्धनम् ॥२२॥

પછી બીજે દિવસે ભારા વેચવા સારૂ આવતી વખતે સત્યનારાયણ દેવપાસે ભારાવાળાએ મનમાં સંકલ્પ કર્યો કે આજે આ ભારાની કીમત શહેરમાંથી મળશે તે. ૨૨

तेनैव सत्यदेवस्य करिष्ये व्रतमुत्तमम् ॥
इति संचिंत्य मनसा काष्ठं कृत्वा तु मस्तके ॥२३॥

બીજા કારણે ન ખરચતાં એ પૈસાથી શ્રી સત્યનારાયણ દેવનું વૃત કરીશ એવો નિશ્ચય કરી ભારો માથે મુકી ચાલતો થયો. ૨૩

जगाम नगरे रम्ये धनिनां यत्र संस्थितिः ॥
तद्दिने काष्टमुल्य च द्विगुणं प्राप्तवानसौ ॥२४॥

તે એક સુંદર નગરમાં કે જ્યાં શેઠ શાહુકાર લોકો રહેતા હતા તે રસ્તામાં આવ્યો ત્યાં એક શેઠે તેને જે રોજ ભારાની કીંમત મળતી હતી તેથી બમણી આપીને ભારો લીધો. ૨૪.

ततः प्रसन्नहृदयः सुपक्वं कदलीफलम् ॥
शर्करा घृतदुग्धे च योधूमस्य च चूर्णकम् ॥२५॥

ભારાવાળાને બમણી કીમત મળતાં વારજ ઘણો આનંદ થયો. અને પાકેલાં કેળાં, ખાંડ ઘી અને ઘઉંનો રવો વિગેરે પદાર્થ શવાશેરના પ્રમાણમાં લેઇ બીજી પુજાની સામગ્રી વેચાતી લેઇને ઘેર આવ્યો. ૨૫

कृत्वकत्र सपादं च गृहीत्वा स्वगृहं ययौ ॥
ततो बंधूसमाहूय चकार विधिना व्रतम् ॥ २६ ॥

અને સગાવાહાલા ઈષ્ટમીત્ર તથા બ્રાહ્મણને બોલાવી મોટા આરંભથી વીધી પુર્વક આ વૃત કર્યું. ૨૬

तद्व्रतस्य प्रभावेण धनपुत्रान्वितोऽभवत ॥
इह लोके सुखं भक्त्त्वा चांते सत्यपुरं ययौ ॥२७॥

સુતજી કહે છે કે પેલો ભારાવાળો એ વૃત કરવાથી ધનવાન તથા પુત્રવાન થઇને આ લોકમાં સર્વ સુખ ભોગવીને શ્રી સત્યપુર એટલે વૈકુંઠના વીષે ગયો. ૨૭

इति सत्यनारायणकथायां द्वितीयोऽध्यायः ॥ २ ॥

अध्याय ३ जो.

॥ सूत उवाच ॥

पुनरग्रे प्रवक्ष्यामि शृणुध्वं मुनिसत्तमाः ॥
पुरा चोल्कामुखो नाम नृपश्चासीन्महीपतिः ॥१॥

સુતજી કહે છે " હે શૌનકાદી ઋષીઓ ફરી આપને શ્રી નારાયણ દેવની વ્રત કથાનો બીજો ઈતીહાસ કહું છું પૂર્વે ઉલ્કામુખ નામનો રાજા પૃથ્વીનું પાલન કરનાર હતો. ૧

जितेंद्रियः सत्यवादी ययाै देवालयं प्रति ॥
दिने दिने धनं दत्त्वा द्विजान्संतोषयत्सुधीः ॥२॥

જીતેંદ્રિય, સત્યવાદી અને દરેક દિવસે મંદિરમાં દર્શને જઇ બ્રાહ્મણોને ઘણું દ્રવ્ય આપી સંતોષ પમાડતો હતો. ૨

भार्या तस्य प्रमुग्धा च सरोजवदना सती ॥
भद्रशीला नदीतीरे सत्यस्य व्रतमाचरत् ॥ ३ ॥

એ ઉલ્કામુખ રાજાની સ્ત્રી નામે પ્રમુગ્ધા ઘણીજ સારા સ્વભાવની કમલમુખી અને સુંદર સતી તે પોતાના

સ્વામીના સાથે ભદ્રશીલા નામે નદીના તીરે શ્રી સત્યદેવનું વૃત કરતી હતી.

एतस्मिन्नंतरे तत्र साधुरेकः समागतः ॥
व ाणेज्मार्थं बहुधनैरनेकैः परिपूरितः ॥ ४ ॥

એવામાં તે નદીના કાંઠે સાધુ નામે એક વાણીયો ઘણો ધનવાન અને વેપાર અરથે ઘણાં મોતી જવાહીર વિગેરે ધન લેઇને નીકળેલો. ૪.

नावं संस्थाप्य ततीरे जगाम नृपतिं प्रति ॥
दृष्ट्वा सव्रतिवं भूपं पप्रच्छ ाविनय न्वितः ॥ ५ ॥

તેણે તે નદીના કાંઠે પોતાનું વહાણ લાવી જયાંહાં રાણીશ્રી વૃત કરતાં હતાં તેમની પાસે જઈ વીનતી પુર્વક ઘણી નમ્રતાથી પ્રશ્ન કરવા લાગ્યો. ૫.

॥ साधु उवाच ॥

कमिदं कुरुषे राजन्भक्तियुक्तेन चेतसा ॥
प्रकाशं कुरु तत्सर्वं श्रोतुमिच्छामि सांप्रतम् ॥ ६ ॥

સાસુ પુછેછે " હે મહારાજ ! આ ઘણીજ ભક્તિની સાથે એક ચિત્તે આ વખતે શું કરો છો ? એ મને કહેશો એવું ઈચ્છુ છું." ૬.

॥ राजोवाच ॥

पूजनं क्रियत साधो विष्णोस्तुलतेजसः ॥
व्रतं च स्वजनैः साध पुत्राद्याव पितकाम्यया ॥७॥

એવા પ્રકારે સાધુ નામે વેપારીનુ ભાષણ સાંભળતાં વાર રાજા ઉલ્કામુખ કહે છે, " હે સાધુ વેપારી! શ્રીમહાવિષ્ણુ સત્યદેવ કે જેના મહિમાનો પાર ન આવે એવા તેજસ્વી છે તેમના પુત્ર તથા ધન ધાન્યાદિ સંપત્તિ મળે, એ હેતુથી મ્હારા સગાવહાલા ઈષ્ટમિત્ર સાથે વૃત તથા પુજન કરૂં છું." ૭

भूपस्य वचनं श्रुत्वा साधुः प्रोवाच सादरम् ॥
सर्व कथय मे राजन्करिष्येऽहं तदोदितम् ॥ ८ ॥

એવું રાજાનું ભાષણ શાંભળી સાધુ સોદાગરે ઘણા આદરથી કહ્યું કે કે " આ વૃતનો વિધી મને સવિસ્તર કહો હું નિશ્ચયથી આપના કહ્યા મુજબ આ વૃત કરીશ.

ममापि संततिर्नास्ति ह्येतस्माज्जायते ध्रुवम् ॥
ततो निवृत्य वाणिज्यात्सानंदी गृहमागतः ॥ ९ ॥

કેમ જે મને પણ સંતતિ નથી અને આપણા કહ્યા પ્રમાણે આ સત્યદેવનું વૃત કર્યાથી સંનતી થશે માટે હું

વેપાર અર્થે દેશાંતરે ન જતાં ઘેર જાઉ છું " એવું કહી વેપાર અર્થે જવું છોડી હરખથી પોતાના ઘેર આવ્યો. ૯.

भार्यायै कथितं सर्व व्रतं संततिदायकम् ॥
तदा व्रतं करिष्यामि यदा मे संततिर्भवेत् ॥१०॥

અને વૃતનો મહિમા પોતાની સ્રીને કહીને નિશ્ચય કર્યો કે જે જ્યારે મને સંતતી થશે ત્યારે હું આ વૃત કરીશ. ૧૦.

इति लीलावती प्राह पत्नी साधुः सत्तमः ॥

એવું લીલાવતી નામની પોતાની સ્રીની સાથે વાણીયાએ કહ્યું. ૧૧.

एकस्मिन्दिवसे तस्य भार्या लीलावती सती॥११॥
भर्तृयुक्तानंदचित्ताभवद्धर्मपरायणा ॥
गर्भिणी साभवत्तस्य भार्या सत्यप्रसादतः ॥ १२ ॥

પછી એક દિવસે તેની સ્ત્રી પોતાના ધર્મ પ્રમાણે ચાલનારી એવી પોતાના સ્વામી સાથે હરખાતી રતુવાળી થએલી શ્રી સત્યદેવના પ્રસાદે કરીને ગર્ભવતી થઇ. ૧૧-૧૨

दशमे मासि व तस्याः कन्यारत्नमजायत ॥
दिने दिने सा ववृधे शुक्लपक्षे यथा शशी ॥१३॥

તેને દસમે મહિને રત્નજેવી એક કન્યા થઈ ને જે પ્રમાણે ચંદ્રમા શુદ પખવાડીયામાં દિવસે દિવસે મોટો થતો જાય તે પ્રમાણે મોટી થતી. ૧૩

नाम्ना कलावती चेति तन्नामकरणं कृतम् ॥
ततो लीलावती प्राह स्वामिनं मधुरं वचः ॥१४॥
न करोषि कमर्थं वै पुरा संकल्पितं व्रतम् ॥

તેનું નામ કલાવતિ એવું ધર્યું તે પછી સાધુવાણીયાની લીલાવતી સ્ત્રી પોતાના સ્વામીને મધુર વચનથી બોલી કે હે પ્રીય સ્વામી ! આપે માનેલું શ્રીસત્યદેવનું વૃત શા કારણથી કરતા નથી. ૧૪

॥ साधु उवाच ॥

विवाहसमये त्वस्याः करिष्यामि व्रतं प्रिये॥१५॥

એવું પોતાની સ્ત્રીનું મધુર ભાષણ સાંભળીને સાધુ વાણીયો બોલ્યો હે પ્રીયે ! એ વૃત આપણે કલાવતી કન્યાના લગ્ન વખતે કરીશું. ૧૫.

इति भार्यां समाश्वास्य जगाम नगरं प्रति ॥
ततः कलावती कन्या ववृधे पितृवेश्मनि ॥ १६ ॥

આ પ્રમાણે સાધુવાણીયાએ પોતાની સ્ત્રીને સમજણ આપીને પોતે બીજા નગર વિષે વેપાર અર્થે ગયો, અહીંયાં કલાવતી બાપના ઘેર દિવસે દિવસે મોટી થતી ગઈ. ૧૬

दृष्ट्वा कन्यां ततः साधुर्नगरे सखीभिः सह ॥
मंत्रयित्वा द्रुतं दूतं प्रेषयामास धर्मवित् ॥ १७ ॥

પછી લગ્ન કરવા યોગ્ય થયેલી કન્યાને પોતાની બેનપણીઓ સાથે પોતાના નગરમાં એક દિવસે ધર્મશીલ સાધુવાણીયાએ જોઇને પોતે મુનીમને કન્યાનો વર જોવા સારૂ મોકલ્યો. ૧૫

विवाहार्थ च कन्याया वरं श्रेष्ठं विचारय ॥
तेनाज्ञप्तश्च दूतोऽसौ कांचनं नगरं ययौ ॥ १८ ॥

અને કહ્યું કે "જાઓ ! આપણી કલાવતી કન્યાને માટે યોગ્ય અને ઉત્તમ વર શોધી લાવો." એવી આજ્ઞા થવાથી તે મુનીમ કાંચન નામના નગરમાં આવી પહોંચ્યો.

तस्मादेकं वणिकपुत्रं समानायागतो हि सः ॥
दृष्ट्वा तु सुंदरं बालं वणिकपुत्रं गुणान्वितम् ॥१९॥

અને ત્યાંથી એક સુંદર રૂપવાળો વાણીયાનો પુત્ર લેઇને મુનીમ પોતાના નગરમાં આવ્યો ત્યારે તે ગુણવાન અને સુંદર એવો વાણીયાનો પુત્ર તે સાધુવાણીયાએ જોઇને ૧૯

ज्ञातिभिर्बंधुभिः सार्धं परितुष्टेन चेतसा ॥
दत्तवान्साधुः पुत्राय वयां विविधानतः ॥ २० ॥

પોતાના બધા નાતવાળાઓને અને સગાં વહાલા ઈષ્ટમીત્રને બોલાવીને ઘણાજ હર્ષથી પોતાની કન્યા કલાવતીનું લગ્ન એ ગુણવાન તથા વાણીયાના પુત્રની સાથે કર્યું. ૨૦

ततो भाग्यवशातन विस्मृतं व्रतमुत्तम् ॥
विवाहसमये तस्यास्तेन रुष्टोऽभवत्प्रभुः ॥ २१ ॥

એ સાધુવાણીયો એ કન્યાના લગ્ન સમયે પણ કર્મના અંતરાયે કરીને શ્રીસત્યદેવનું વૃત કરવાનું ભુલી ગયો તેને લીધે સત્યનારાયણ દેવ તેના ઉપર કોપાયમાન થયા. ૨૧

ततः कालेन नियतो निजकर्मविशारदः ॥
वाणिज्यार्थ ततःशीघ्रंजामातृसहितो वणिक ॥२२॥

આ વાત ઘણાએક દીવસ વીતી ગયા પછી પોતાનું કર્મ ભોગવવા સારૂ પોતાના જમાઈને સાથે લઈને વેપાર અર્થે તે વાણીઓ ગયો. ૨૨

रत्नसारपुरे रम्ये गत्वा सिंधुसमीपतः ॥
वाणिज्यमकरोत्साधुर्जामात्रा श्रीमता सहः ॥ २३ ॥

તે સીંધુ સમુદ્ર નજીક રત્નસાર નામના નગરમાં પોતાના જમાઈના સાથે ભારે વેપાર કરવા લાગ્યો. ૨૩

ता गतौ नगरे रम्ये चंद्रकेतोर्नृपस्य च ॥
एतस्मिन्नेव काले तु सत्यनारायण प्रभुः ॥ २४ ॥

તે પછી ત્યાંથી ચંદ્રકેતુ નામના રાજાના શોભાયમાન શહેરમાં ગયા છે એવામાં ભગવાન શ્રી કૃપાસાગર સત્યનારાયણ પ્રભુ ૨૪

भ्रष्टप्रतिज्ञमालोक्य शापं तस्म प्रदत्तवान् ॥
दारुणं कठिनं चास्य महद्दुःखं भविष्यति ॥२५॥

સાધુવાણીયાને જુઠું બોલનારો જાણીને તેને ખોટું

દુઃખ તથા બંધન તિરસ્કાર વિગેરે ઘણાં દુઃખ પ્રાપ્ત થાઓ" એવો શાપ દેતા ગયા. ૨૫

एकस्मिन्दिवसे राज्ञो धनमादाय तस्करः ॥
तत्रैव चागतश्चोरो वणिजा यत्र संस्थितौ ॥२६॥

એટલામાં જ્યાં સાધુ વાણીયો પોતાના જમાઈ સાથે રહેતો હતો ત્યાં તે ગામના રાજાનો ખજાનો ફાડી ધન ચોરી લાવી એક ચોર તેના રહેવાના ઘરમાં સંતાઇ રહ્યો. ૨૬.

तत्पश्चाद्धावकन्दाश्च दूतान् भीतेन चेतसा ॥
धनं संस्थाप्य तत्रैव स तु शीघ्रमलक्षितः ॥ २७ ॥

પણ ચોરને પકડવા રાજાના સીપાઈઓ તેમની પાછળ દોડી આવ્યા જોઈ ચોર જ્યાં સસરો અને જમાઈ સુતા હતા ત્યાં ધન નાંખી દેઈ છાનોમાનો ત્યાંથી નાશી ગયો. ૨૭

ततो दूताः समायाता यत्रास्ते सज्जनो वणिक् ॥
दृष्ट्वा नृपधनं तत्र बध्वा नीतौ वणिक्सुतौ ॥२८॥

તે પછી સીપાઇઓ જે ઠેકાણે જમાઈ સાથે સાધુ-વાણીયો હતો ત્યાં રાજાનું ચોરેલું ધન પડેલું જોઈ સાધુવાણીયાને કેદ કરી બાંધી લઈ ગયા. ૨૮.

हर्षेण धावमानाश्च ऊचुर्नृपसमीपतः ॥
तस्करौ द्वौसमानीतौ विलोक्याज्ञापय प्रभो ॥२९॥

અને ઘણા આનંદથી દોડતા આવી રાજાને વરધી આપી કે " હે મહારાજ ! બે ચોરને લાવ્યા છીએ તેમને જોઈ હુકમ કરશો. " ૨૯

राज्ञाज्ञप्तास्ततते शीघ्रं दृढ बध्ध्वा तु तावुभौ ॥
स्थापितै द्वौ महादुर्गे कारागारेऽविचारतः ॥३० ॥

એવું સાંભળી ચોરોને જોઈ વિચાર કર્યા વગર એકદમ કેદ કરવાની શીક્ષા આપતાંજ સીપાઈએ તેમને ખુબ બાંધી મોટા કેદખાનામાં લઈ જઈને પુર્યા, ૩૦.

मायया सत्यदेवस्य न श्रुतं कैस्तयोर्वचः ॥
अतस्तयोर्धनं राज्ञा गृहीतं चंद्रकेतुना ॥ ३१ ॥

આ કામમાં એ ચંદ્રકેતુ રાજાને શ્રીસત્યદેવની માયાથી મોહીત થઇને ચોરીએ ગએલું ધન તો લીધું

પણ તેની સાથે અવિચારી સાધુવાણીયાનું ધન લુંટી લીધું. ૩૧.

तच्छापाच्च तयोर्गेहे भार्या चैवातिदुःखिता ॥
चौरेणाप हृतं सर्वं गृहे यच्च स्थितं धनम् ॥३२॥

તેમજ શ્રીસત્યદેવના શાપથી એ સાધુવાણિયાએ પોતાના ગામ પોતાના ઘરમાં મુકેલું બધું ધન ચોરો લુંટી લઈ ગયા તેને લીધે તેની સ્ત્રી પણ ઘણી દુઃખી થઈ. ૩૨.

आधिव्याधिसमायुक्ता क्षुत्पिपासातिदुःखिता ॥
अन्नचिंतापरा भूत्वा बभ्रम च गृहे गृहे ॥
कलावती तु कन्यापि बभ्राम प्रतिवासरम् ॥३३॥

અને એ સાધુવાણિયાની સ્ત્રી લીલાવતી ઘણા દુઃખથી અને ઘણિ તરશ તથા ભુખથી ઘેર ઘેર ફરવા લાગી તેમજ તેની કન્યા કલાવતી ઘણિ નહાની તે પણ દરરોજ ઘેર ઘેર ફરી માગી ખાતી. ૩૩.

एकस्मिन्दिवसे जाता क्षुधार्ता द्विजमंदिरम् ॥
गत्वा पश्यद्व्रतं तत्र सत्यनारायणस्य च ॥३४॥

એક દીવસે તેકન્યાને ઘણીજ ભુખ લાગ્યાથી આકુળ વ્યાકુળ થઇને એક બ્રાહ્મણના ઘરમાં ગઈ ત્યાં શ્રીસત્યનારાયણ દેવનું વૃત તથા પુજન થતું હતું. તે તેણે જોયું. ૩૪.

उपविश्य कथां श्रुत्वा वरं प्रार्थि ।वत्यपि ॥
प्रसादभक्षमै कृत्वा ययां रात्रौ गृहं प्रति ॥२५॥

એ વૃત તથા પુજા જોતાં ઘણો આનંદ પામીને ત્યાં બેઠી અને શ્રીસત્યનારાયણની કથા સાંભળીને સત્યદેવની પ્રાર્થના કરી કે "મ્હારૂ દુઃખ મટે ને મ્હારો બાપ તથા સ્વામી મને મળે" એવો આશીર્વાદ શ્રીસત્યદેવ પાસે માગી બ્રાહ્મણે આપેલો પ્રસાદ ખાઈ રોજના કરતાં ઘણિ મોડી રાત્રે પોતાના ઘેર આવી. ૩૫.

माता कलावती कन्यां कथयामास प्रेंमतः ॥
पुत्री रात्रौ स्थिता कुत्र किं ते मनसि वर्तते॥३६॥

ને ઘરમાં આવતાંજ તેની મા લીલાવતી કલાવતી નામની કન્યાને પુછેછે કે "પુત્રી ! તું આજે આટલી રાત સુધી ક્યાં હતી ! ને તારા મનમાં શું છે ? ૩૬

कन्या कलावती प्राह मातरं प्रति सत्वरम् ॥
द्विजालये व्रतं मातर्दृष्टं वांछितसिद्धदम् ॥ ३७ ॥

કલાવતી કન્યા પોતાની માને ઉતાવળે કહે છે કે હે મા! હું બ્રાહ્મણને ઘેર મનમાં ધારેલું કામ પાર પડે એવું વૃત તથા પુજન અને કથા થતી હતી ત્યાં બેઠી હતી."

तच्छ्रुत्वा कन्यकावाक्यं व्रतं कर्तुं समुद्यता ॥
सा मुदा वणिग्भार्या सत्यनारायणस्यच ॥ ३८ ॥

એવું કન્યાનું બોલવું સાંભળીને સાધુવાણિયાની સ્ત્રી લીલાવતી શ્રીસત્યદેવનું પુજન કરવા સારૂ તત્પર થઈ. ૩૮

व्रतं चक्रे स साध्वी बंधुभिः स्वजनैः सह ॥
भर्तृजामातरौ क्षिप्रमागच्छेतां स्वमाश्रमम् ॥३९॥

ને એ મહાસતી વાણિયાની સ્ત્રી પોતાના સગાંવહાલાં ભાઈભાંડુ સાથે શ્રીસત્યદેવનું વૃત કરવા લાગી અને "પોતાના સ્વામી તથા જમાઇ પોતાને ઘેર જલ્દી આવે" એવા હેતુ મનમાં ધરી પુજન કરવા લાગી. ૩૯

अपराधं च मे भर्तृर्जामातु क्षंतुमर्हसि ॥
व्रतेनानेन तुष्टोऽसा सत्यनारायण पुनः ॥४० ॥

એ પુજન કરતી વખતે સત્યદેવની પાસે વારેઘડી એવો વર માગતિ હતી કે " શ્રીસત્યનારાયણ પ્રભો ! મારા સ્વામી તથા જમાઇના અપરાધ ક્ષમા કરવાને આપજ યોગ્ય છો." એવી તે લીલાવતી સાધુવાણીયાની સ્ત્રી પ્રાર્થના કરતી હતી તેથી કરીને એ વૃત તથા પુજનથી ભગવાન શ્રીસત્યનારાયણ પ્રભુ સંતોષ પામ્યા. ૪૦

दर्शयामास स्वप्नं हि चंद्रकेतु नृपोत्तम् ॥
वंदिनौ मोचय प्रातर्वाणजा नृपसत्तम ॥ ४१ ॥

અને માયારૂપી ભગવાન સત્યદેવે ચંદ્રકેતુ નામનો રત્નપુરનો રાજા કે જેણે લીલાવતીના સ્વામી તથા જમાઈને બંદીખાનામાં મુકયા હતા તેને સ્વપ્નમાં આવી આજ્ઞા કરી કે " હે રાજા! તું નિરપરાધી બે વાણીયાને બંધીખાનેથી છોડી મુક. ૪૧.

देयं धनं च तत्सर्वं गृहीतं यत्त्वयाधुना ॥
नोचेत्त्वां याशायेष्य मि सराज्यधनपुत्रकम् ॥४२॥

અને તેમનું જે સઘળું તેં ધન હરણ કરી લીધેલું છે તે સઘળું તેમને પાછું આપવાને તેમને આદર–સત્કાર કરીને વિદાય કર–નહિ તો તારા ધન ધાન્ય રાજપાટ, સ્ત્રી પુત્રસહિત તારા કુળનો નાશ કરીશ." ૪૨.

एवमाभाष्य राजानं ध्यानगम्योऽभवत्प्रभुः ॥
ततः प्रभातसमये राजा च स्वजनैः सह ॥ ४३ ॥
उपविश्य सभामध्य प्राह स्वप्नं जनं प्रति ॥
बद्धा महाजनौ शीघ्रं मोचयध्वं वणिक्सुतौ ॥ ४४ ॥

એ પ્રમાણે રાજાને સ્વપ્નમાં જણાવીને ભગવાન્ શ્રીસત્યનારાયણ અંતરધ્યાન થયા. ત્યાર પછી રાજાએ પ્રાતઃકાળે સભામાં સિંહાસન ઉપર બેશી સર્વ કચેરીને સ્વપ્ન કહ્યું ને સીપાઇઓને આજ્ઞા કરી કે "બંધીખાનામાં જે હમણાં વાણીયાના પુત્રને કેદખાને રાખ્યા છે તેમને છોડી મુકો." ૪૩–૪૪.

इति राज्ञो वचः श्रुत्वा मोचयित्वा महाजनौ ॥
समानीय नृपस्याग्रे प्राहुस्ते विनयान्विताः ॥ ४५ ॥

એવી રાજાની આજ્ઞા થતાંજ સીપાઇઓએ બેઉ

જણાઓને બંધીખાનેથી છોડી રાજાની સભામાં લઈ આવ્યા. ૪૫.

आनोतौ द्वौ वणिक्पुत्रौ मुक्ता निगडबंधनात् ॥
ततो महाजनौ नत्वा चंद्रकेतुं नृपोत्तमम् ॥ ४६ ॥

ત્યાં એ બેઉ બંધીખાનેથી છુટેલા વાણીયાના પુત્ર રાજાને ઘણીજ નમ્રતાથી નમસ્કાર કરતા હતા.

स्मरंतौ पूर्ववृत्तांतं नोचतुर्भयविह्वलौ ॥
राजा वणिकसुतो वीक्ष्य वचः प्रोवाच सादरम् ॥

અને પોતાનો પૂર્વનો હેવાલ મનમાં લાવી ભયભીત થઇ કંઈ પણ બોલ્યા નહિ. એવા ઘણાજ ગરીબ વાણીયાના પુત્રને જોઇ રાજા ચંદ્રકેતુએ ઘણાજ આદરભાવથી પ્રધાન વગેરે મંડળીને આજ્ઞા કરી કે. ૪૭

दैवात्प्राप्तं महद्दुःखमिदानीं नस्ति व भयम् ॥
तदा निगडसंत्यागं क्षौरकर्माद्यकारयत् ॥ ४८ ॥

"આ બે વાણીયાના પુત્રોએ આજ સુધી કર્મના અંતરાયે કરીને મોટું દુઃખ ભોગવ્યુ હવે પછી એમને કાંઇ પણ ભય નથી" એવી આજ્ઞા થતાંજ પગની બેડીઓ તોડી હજામત કરાવી. ૪૮

वस्त्रालंकारकं दत्वा परितोष्य नृपश्च ता ॥
पुरस्कृत्य वणिक्पुत्रो वचसातोषयद्भृशम् ॥

વસ્ત્ર અને ઘરેણાં વગેરે પહેરાવી સંતોષિત કર્યા અને એ બેઉ જણને પોતાની પાસે બેસારી સારૂં ભાષણ તેમની સાથે કરી ઘણોજ સંતોષ પમાડયો. ૪૯

पुरा नीतं तु तद् द्रव्यं द्विगुणीकृत्य दत्तवान् ॥
प्रोवाच ता ततो राजा गच्छ साधो निजाश्रमम् ॥

અને એ બેઉનું પ્રથમ જેટલું ધન હરણ કર્યું હતું, તેથી બમણું તેમને આપ્યું અને ચંદ્રકેતુ રાજા કહેવા લાગ્યો કે " હે જમાઇ સાથે વાણીયા ભાઈ! હવે તમો પોતાના ઘેર જાઓ. " ૫૦

राजानं प्रणिपत्याह गंतव्यं त्वत्प्रसादतः ॥ ५१ ॥

આ પ્રમાણે રાજાનો હુકમ થતાં તરત રાજાને સાધુ-વાણીયો વંદન કરીને બોલ્યો કે " હવે હું આપના આશી-ર્વાદથી મારે ઘેર જઇશ. " ૫૧

इति सत्यनारायणव्रतकथायां तृतीयोऽध्यायः ॥ ३ ॥

अध्याय ४ थो.

॥ सूत उवाच ॥

यात्रां तु कृतवान्साधुर्मंगलायनपूर्विकाम् ॥
ब्राह्मणेभ्यो धनं दत्वा तदा तु नगरं ययौ ॥ १ ॥

સૂતજી કહેછેઃ—આપ્રમાણે સાધુવાણીયાએ મંડળયુક્ત યાત્રા કરીને રાજા પાસેથી મળેલ ધનમાંથી થોડુંક બ્રાહ્મણોને વહેંચી આપીને પોતાના નગર વિષે આવવા સારૂ નીકળ્યો. ૧

कियद् दूरे गते साधो सत्यनारायणः प्रभुः ॥
जिज्ञासां कृतवान्साधो किमस्ति तव नौस्थितम् ॥

ઘણેક દુર સાધુવાણીયાનું વહાણ દરીયામાં જઈ એક ઠેકાણે લંગર કરેલું એવું જોઇ ભગવાન શ્રીસત્યનારાયણ પ્રભુએ સાધુવાણીયાને 'તારા વહાણમાં શું છે' એ પુછવાની ઈચ્છા થઇ. ૨

ततोमहाजना मत्ता हेलया च प्रहस्य व ॥
कथंपृच्छसि भो दंडिन्मुद्रां नेतुं किमिच्छसि ॥३॥

અને પરબ્રહ્મ ભગવાન શ્રીસત્યનારાયણદેવ સન્યાસી બાવાનું રૂપ લઈ જે ઠેકાણે સાધુવાણીયાએ વહાણ લંગર કર્યું હતું ત્યાં આવી એ બેઉ જણાને પુછ્યું કે "તમારા વહાણમાં શું છે ?" એ સન્યાસી બાવાનો પ્રશ્ન સાંભળીને આ બંધીખાનેથીજ હમણાંજ છુટેલો મસ્તવાણીયાનો પુત્ર સન્યાસી બાવાની મશ્કરી કરીને કહેવા લાગ્યો કે "હે સન્યાસી બાવા! આપ અમારા રૂપીઆ લેઇ જવા ઇચ્છોછો કે શું ?" ૩

लतापत्रादिकं चैव वर्तते तरणो मम ॥
निष्ठुरं च वचः श्रुत्वा सत्यं भवतु ते वचः॥४॥

આવી રીતે પ્રથમ તેની મશ્કરી કરી કહે છે કે મારા વહાણમાં વેલા અથવા પાંદડાં વગેરે ભરેલાં છે" એવું તેમનું કઠોર ભાષણ સાંભળી ભગવન શ્રીસત્યદેવે કહ્યુ કે "તારૂં વચન સત્ય હશે." ૪

एवमुक्त्वा गतः शीघ्रं दंडी तस्य समीपतः ॥
नात्यदुरे ततो गत्वा स्थितः सिंधुसमीपतः ॥५॥

આ પ્રમાણે ભાષણ કરીને આવેલા સન્યાસી સાધુવાણીયાથી આઘે જઈ દરિયાના કિનારેજ ઉભા રહ્યા, ૫

गते दंडिनि साधुश्च कृतनित्यक्रियस्तरा ॥
उत्थितांतरणीं दृष्ट्वा विस्मयं परमं ययौ ॥ ६ ॥

સન્યાસી બાવો ગયો એવું જોઈને સાધુવાણીયો પોતાનું ખાવું પીવું વિગેરે નિત્ય કૃત્ય કરી રહી જુવે છે તો વહાણ પાણી ઉપર તરવા લાગ્યું આ ચમત્કાર જોઈને સાધુવાણીયો ઘણોજ વિસ્મિત થયો. ૬

दृष्ट्वा लतादिकं चैव मुर्छितो न्यपतद्भूवि ॥
लब्धसंज्ञो वणिक्त्रस्ततश्चिंतान्वितोऽभवत् ॥७॥

અને વહાણમાં જુવે છે તો બધાં વેલા તથા પાંદડાં જોયાં તે જોઈને એકદમ શોકથી ભોંય ઉપર પડયો ને તે પછી ઘણીકવારે શુદ્ધિ ઉપર આવ્યો અને ચિંતા કરવા લાગ્યો. ૭

तदा तु दुहितुः कांताः वचनं वेदमब्रवित् ॥
किमर्थं क्रियते शोकः शापो दत्तश्च दंडिना ॥८॥

એટલામાં તેનો જમાઈ એવું બોલ્યો કે " તમો શા માટે ફિકર કરો છો તમોને હમણાંજ આવેલ સન્યાસી સાધુએ શાપ આપ્યો. ૮

शक्यने तेन सर्व हि कर्तु चात्र न संशयः ॥
अतस्थच्छरणं जामो वांछितार्थो भविष्यति ॥ १ ॥

અને તેના બોલવાથી આ પ્રમાણે થયું એમાં કાંઈ પણ સંદેહ નથી એ માટે આપણે તેમને શરણે જઈએ એટલે આપણું ધારેલું કામ થશે. ૯

जामातुर्वचनं श्रुत्वा सत्सकाशं गतस्तदा ॥
दृष्टा च दंडिन भक्त्या नत्वा प्रोवाच सादरम्॥१०॥

એવું જમાઈનું બોલવું સાંભળીને સાધુવાણીઓએ સંન્યાશી પ્રત્યે આદરસત્કારથી બોલે છે કે. ૧૦

क्षमस्व चापराधं मे यदुक्तं तव सन्निधौ ॥
एवं पुनः पुनर्नत्वा महाशोकाकुलोऽभवत् ॥ ११ ॥

હે મુનીશ્વર! મારા અપરાધની ક્ષમા કરો એવું બોલી ઘણો આકુળવ્યાકુળ થયો. ૧૧

प्रोवाच वचनं दंडी विलपंतं विलोक्य च ॥
मा रोधी शृणु मद्वाक्य मम पूजाबहिर्मुख ॥१२॥

॥ सूत उवाच ॥

આવું જોઇને તે યતિશ્વર સન્યાસી કહે છે " અરે હે વાણિયા ! તું રો મા, તું મારી પુજાથી બહિર્મુખ થયો ૧૨

ममाज्ञया च दुर्बुद्धे लब्धं दुःखं मुहुर्मुहुः
तच्छ्रुत्वा भगवद्वाक्यं स्तुतिं कर्तुं समुद्यतः ॥१३॥

અને હે દુષ્ટ બુદ્ધિવાળા ! તને મારી આજ્ઞાથીજ ઘણાં દુઃખો ભોગવવાં પડયાં " એવું પરબ્રહ્મ ભગવાનનું વાકય સાંભળીને સાધુવાણિયો શ્રીસત્યદેવની વિનંતી કરવા લાગ્યો. ૧૩

॥ साधुरुवाच ॥

त्वन्मायामोहिताः सर्वे ब्रह्माद्यास्त्रिदिवौकसः
न जानंति गुणान्रूपं तवाश्चर्यमिदं प्रभो ॥१४॥

સાધુવાણીયો કહે છે " હે દેવ ! આપની માયાથી બ્રહ્માદિ સર્વ દેવ મોહિત થાય છે અને એ દેવ છતાં પણ હે પ્રભુ ! આપના રૂપ ગુણ આદિ વૈભવને જાણતા નથી એ મોટું આશ્ચર્ય જેવું છે.

मढोऽहं त्वां कथं जाने मोहितस्तव मायया
प्रसीद पूजयिष्यामि यथाविभवविस्तरैः ॥१५॥

હું તો એક પામર માણસ અને તારૂં મારૂં એવી માયાને જાણનારો છુ. આપને કયાંથી જાણું એવો હું અજ્ઞાન તે

માટે મારા ઉપર પ્રસન્ન થાઓ પછી હુ આપની મારી સંપત્તિની વડાઇ પ્રમાણે વિધિ વિધાનથી પુજા કરીશ. ૧૫

पुरा वित्तं च तत्सर्वं देहि मां शरणागतम्
श्रुत्वा भक्तियुतं वाक्यं परितुष्टो जनार्दनः॥१६॥

હું મારા વહાણમાં ધન વિગેરે છતાં કપટ ભાવથી ખોટું બોલ્યો એ માટે હે ઇશ્વર! તેનથકી મારૂં રક્ષણ કરનાર આપ સમર્થ છો" એવું ભક્તિભાવનું સાધુવાણિયાનું વચન સાંભળીને ભગવાન શ્રી સત્યદેવ સંતોષ પામ્યા અને એ સાધુવાણિયાને તેને મનવાંચ્છીત ફળ આપી ભગવાન અંતરધ્યાન થયા. ૧૬

वरं च वांछितं दत्वा तत्रत्रांतर्दधे हरिः
ततो नावं समारूढ दृष्ट्वा वित्तप्रपूरिताम् ॥१७॥

એટલામાં સાધુવાણીયો જુવે છે તો પોતાનુ વહાણ પ્રથમ પ્રમાણે ધનથી ભરેલું છે. ૧૭

कृपया सत्यदेवस्य सफलं वांछितं मम ॥
इत्युक्त्वा स्वजनै सार्धं पूजां कृत्वा यथाविधि॥१८॥

આવું આશ્ચર્ય જોતાંજ સાધુવાણીયો કહે છે "શ્રીસત્યદેવના પ્રસાદથકી મારૂં ઈચ્છિત પુર્ણ થયું એવું બોલી

ત્યાં જે તેનાં સગાંવહાલાં હતાં તે સાથે યથાવિધિ શ્રીસત્યદેવનું પુજન કર્યું.

हर्षेण चाभवत्पूर्णः सत्यदेवप्रसादतः
नावं संयोज्य यत्नेन स्वदेशगमनं कृतम् ॥१९॥

તે પછી એ સાધુવાણીયો સત્યદેવની કૃપાથી સુખી થયો અને વાહાણ તૈયાર કરાવી પોતાને દેશ જવાસારૂ નીકળ્યો

साधुजामातरं प्राह पश्य रत्नपुरीं मम
दूतं च प्रेषयामास निजवित्तस्य रक्षकम् ॥२०॥

વહાણમાં બેઠેલા જમાઇને સસરો કહે છે કે " હે જમાઇરાજ ! મારી રત્નપુરી નગરી દેખાય છે તે જુવો " એવું કહીને પોતાના ધનનું રક્ષણ કરનારા સિપાઇને પોતાના ઘેર પોતે આવ્યાનું વર્તમાન કેહેવા સારૂ મોકલ્યો ૨૦

दूतोऽसौ नगरं गत्वा साधुभार्यां विलोक्य च ॥
प्रोवाच वांछितं वाक्यं नत्वा बद्धांजलिस्तदा ॥२१॥

એ વહાણમાંથી ઉતરેલા સિપાઈયે રત્નપુરી નગરમાં જઇ સાધુવાણિયાને ઘેર સાધુવાણિયાની સ્ત્રીને જોઇને તેની આગળ હાથ જોડયા તે વખતે સ્ત્રી પોતાના સ્વામી તથા જમાઈ આવવાની ઈચ્છા કરતી હતી. ૨૧

निकटे नगरस्यैव जामात्रा सहितो वणिक् ॥

आगतो बंधुवर्गैश्च वित्तैश्च बहुभिर्युतः ॥२२॥

તેજ સમયે એ સિપાઇએ કહ્યું કે "આપના નગરની સમીપમાં જમાઇ તથા બંધુવર્ગ સાથે તમારા સ્વામી ઘણું ધન કમાઇને આવ્યા છે." ૨૨,

श्रुत्वा दूतमुखाद्वाक्यं महाहर्षवती सती ॥
सत्यपूजां कुरुष्वेति प्रोवाच तनुजां प्रति ॥२३॥

એ સિપાઇના મોંનું બોલવું સાંભળીને એ સતી વાણિયાની સ્ત્રી ઘણીજ હર્ષવાળી થઈ અને શ્રીસત્યદેવનું તેજ વખતે પૂજન કરી પોતાની કન્યાને કહેવા લાગી કે "તું સત્યનારાયણની પુજા કર્ય અને. ૨૩.

व्रजामि शीघ्रमागच्छ साधुसदर्शनाय च ॥
इति मातृवचः श्रुत्वा व्रतं कृत्वा समाप्य च ॥२४॥

હે મહારી વહાલી કન્યા હું સ્વામીના દર્શન માટે પ્રથમ જાઉં છું, તું તારા બાપનું દર્શન કરવા આવ" એવું માનું વચન સાંભળીને કલાવતી કન્યાએ સત્યનારાયણના વ્રતની સમાપ્તિ કરાવી. ૨૪

प्रसादं च परित्यज्य गता सापि पतिं प्रति ॥
तेन रुष्टः सत्यदेवो भर्तारं तरणिं तथा ॥२५॥

અને પ્રસાદ લીધા વગર પોતાના સ્વામીનું દર્શન કરવા તત્પર થઇને તરત ગઇ, તે અપમાને કરીને શ્રીસત્યદેવ તેના ઉપર કોપાયમાન થયા અને તેનો સ્વામી જે વહાણમાં હતો તથા જે બધુ ધન હતું તેજ વહાણ જમાઇ અને ધન સાથે. ૨૫

संहृत्य च धनैः सार्धं जले तत्रावमज्जयत् ॥
ततः कलावती कन्या न विलोक्यनिजं पतिम् २६

દરિયામાં અદ્રશ્ય થઈ ગયું તે પછી વણિજ જલદીથી આવેલી કલાવતી કન્યાએ પોતાના સ્વામીને દીઠો નહિ.

शोकेन महता तत्र रुदती चापतद्भुवि
दृष्ट्वा तथाविधां नावं कन्यां च बहुदुःखिनाम् ॥२७॥

તે ઉપરથી તેને એટલું તો દુઃખ અને ક્ષોભ થયો કે જેમ પવનથી કેળનું ઝાડ એકદમ ભોંય ઉપર પડે છે, એમ એકાએક રોતી રોતી ભોંય ઉપર પડી આ પ્રમાણે વહાણનો તથા કન્યાના હેવાલ જોઈ ૨૭

भीतेन मनसा साधुः किमाश्चर्यमिदं ह्यभूत
चिंत्यमानाश्च ते सर्वे बभूवुस्तरिवाहकाः ॥२८॥

ગભરાઇ ગયેલ મનનો સાધુવાણીયો કહે છે કે "આ શું આશ્ચર્ય છે" તેમ વહાણવાળા પણ ગભરાઈ ગયા. ૨૮

ततो लीलावती कन्यां दृष्ट्वा सा विह्वलाभवत

विल्लापातिदुःखेन भर्तारं चेदमब्रवीत् ॥२९॥

પછી લીલાવતી પોતાની કન્યાને ભયભીત થયેલી જોઇ, ઘણુંજ વિલાપ કરી પોતાના સ્વામીને કહે છે. ૨૯

इदानीं नौकया सार्धं कथं सोऽभूदलक्षितः
न जाने कस्य देवस्य हेलया चैव सा हृता ॥३०॥

"જોતાજોતામાં વહાણોમાં આપણો જમાઇ વહાણ સાથે અદ્રશ્ય થઇ ગયો એમાં કાંઈ પણ કારણછે અથવા કોઇ દેવનો અપરાધ થવાથી એ દેવે એ વહાણ હરણરૂપ અદ્રશ્ય કર્યું હોય? ૩૦

सत्यदेवस्य माहात्म्यं ज्ञातुं वा केन शक्यते ॥
इत्युक्त्वा विललापैव ततश्च स्वजनैः सह ॥३१॥

અથવા શ્રીસત્યદેવનું મહાત્મ્ય જાણવાને કોણ શક્તિમાન છે" એવું કહીને ઘણા લોકોને મળીને ઘણો શોક કરી રડવા લાગી. ૩૧

ततो कलावती कन्या क्रोडे कृत्वा रुरोद ह ।
ततः कलावती कन्या नष्टे स्वामिनि दुखिता ३२

અને પછી પોતાની કન્યા કલાવતિને ખોળે બેસાડી ઘણા વખત સુધી દુઃખથી રડવા લાગી, તે જોઈ કલાવતિએ પોતાનો સ્વામી મરી ગયો છે, એવું ધારીને

हीत्वा पादुके तस्यानुगंतुं च मनो दधे
कन्यायाश्चरितं दृष्ट्वा सभार्यः सज्जनो वणिक् ३३

પોતાના સ્વામીની પાદુકાઓ લેઈ તે સાથે પોતે સતી થવાને તૈયાર થઈ. એમ કન્યા કલાવતીનો પોતાના સ્વામીની પાદુકાઓ સાથે બળી મરવાનો નિશ્ચય જોઈ સ્ત્રી સાથે સાધુવાણીઓ. ૩૩.

अतिशोकेन संतप्तश्चिंतयामास धर्मवित् ॥
हृतं वा सत्यदेवेन भ्रांतोऽहं सत्यमायया ॥३४॥

ઘણા શોકથી ત્રાસ પામેલો એવો વિમળવિચારથી ચિન્તા કરીને બોલે છે શું ? શ્રીસત્યદેવે તો એનું હરણ કર્યું નહિ હોય અને એમની માયાથી મોહિત થઈને તો વૃત જાણતો નથી. ૩૪

सत्यपूजां करिष्यामि यथाविभवविस्तरैः ॥
इति सर्वान्समाहूय कथयित्वा मनोरथम् ॥३५॥

તો કામને વાસ્તે ઘણુંજ ધન ખરચીને એ શ્રીસત્યનારાયણનું વૃત કરીશ.' એવું બધા જણને પાસે બોલાવી પોતાનો મનોરથ કહ્યો. ૩૫

नत्वा च दंडवद्भूमौ सत्यदेवं पुनः पुनः ॥
ततस्तुष्टः सत्यदेवो दीनानां परिपालकः ॥३६॥

અને શ્રી સત્યદેવને વારેઘડીયે દંડ જેવા નમસ્કાર કરવા લાગ્યો ત્યારે શ્રીસત્યદેવ જે દીનજનોને પાળવાને સમશેર ફેરવનારા છે તે સંતુષ્ટ થયા. ૩૬

जगाद वचनं व्योम्नि कृपया भक्तवत्सलः ॥
त्यक्त्वा प्रसादं ते कन्यापतिं द्रष्टुं समागता॥३७॥

આકાશમાંથી ગંભીરવાણીથી સાધુવાણિયાને ભક્તવત્સલ ભગવાન કૃપાથી કહેવા લાગ્યા કે "અરે હે સાધુ વાણીયા! તારી કન્યા મારૂં પુજન કરીને પ્રસાદ ખાધા વગર પોતાના સ્વામીને જોવાને મોહથી ઉતાવળ થકી આવી. ૩૭

अतोऽदृष्टोऽभवत्तस्याः कन्यकायाः पतिर्ध्रुवम् ॥
गृहं गत्वा प्रसादं च भुक्त्वा मायति चत्पुनः॥३८॥

આ કારણથી સ્વામી આ સમુદ્રમાં અદ્રશ્ય થયો છે એમાં કાંઈ સંદેહ નહી તે માટે જો એ ઘેર જઈ પ્રસાદ ખાઈ પાછી આવશે. ૩૮.

लब्धभर्त्री सुता साधो भविष्यति न संशयः ॥
कन्यका तादृशं वाक्यं श्रुत्वा गगनमंडलात् ॥३९॥

તો આ તારી કન્યા તેના સ્વામિને જોશે એમાં લગારે પણ તું સંદેહ માનીશ નહિ." ૩૯.

क्षिप्रं तदा गृहं गत्वा प्रसादं च बुभोज सा ॥

सा पश्चात्पुनरागत्य ददर्शन सजनं पतिम् ॥४०॥

એવા અશરીર :આકાશમાંના વાકયો સાંભળતાં વારજ કલાવતી જલદીથી પોતાને ઘેર જઈ પ્રસાદ ખાઈ પાછી આવતાં સ્વામિ તેનો નજરે પડયો. ૪૦.

ततः कलावती कन्या जगादे पितरं प्रति ॥
इदानिं च गृहं याहि विलंबं कुरुषे कथम् ॥४१॥

તે પછી એ કલાવતી કન્યા પોતાના બાપને કહે છે કે " હે તાત ! હવે જલદી આપ ઘેર પધારો શા માટે વીલંબ કરો છો. ૪૧.

तच्छ्रुत्वा कन्यकावाक्यं संतुष्टोऽभूद्वणिक्सुतः ॥
पूजनं सत्यदेवस्य कृत्वा तत्र विधानतः ॥४२॥

એવું કન્યાનું મધુર ભાષણ સાંભળીને સાધુવાણિઓ આનંદ પામ્યો અને પછી વીધવિધાનથી શ્રીસત્યદેવનું પુજન કર્યું. ૪૨

धनैर्बंधुगणैः सार्धं जगाम निजमंदिराम् ॥
पौर्णमास्यां च संक्रांतौ कृतवान्सत्यपूजनम् ॥४३॥

અને ઘણું ધન અને પોતાના સગાંવહાલાં ઈષ્ટમીત્ર સાથે પોતાને ઘેર આવ્યો અને તે પછી દરેક પુનમે:સુર્ય સંક્રાંતિના દિવસે શ્રીસત્યદેવનું પુજન કરતો હવો. ૪૩.

इह लोके सुखं भुक्त्वा चांते सत्यपुरं ययौ ॥४४॥

તે થકી એ સાધુવાણીઓ આ મનુષ્ય લોકમાં સર્વ સુખ ભોગવી અને મરણ પછી શ્રીસત્યપુરના વિષે ગયો. ૪૪.

इतिश्री सत्यनारायणकथायां चतुर्थोऽध्यायः ॥ ४ ॥

॥ अध्याय ५ मो ॥

॥ सूत उवाच ॥

अथान्यच्च प्रवक्ष्यामि शृणुध्वं मुनिसत्तमः ॥
आसीत्तुंगध्वजो राजा प्रजापालनतत्परः ॥ १ ॥

સુતજી કહે છે હે મુની શ્રેષ્ઠજી! શ્રીસત્યદેવ વિષે એથી પણ બીજો એક ઇતિહાસ કહું છું તે સાંભળો. પુર્વે તુંગધ્વજ નામનો રાજા પ્રજાનું પાલન કરવાને તત્પર એવો હતો.

प्रसादं सत्यदेवस्य त्यक्त्वा दुःखमवाप सः ॥
एकदा स वनं गत्वा हत्वा बहुविधान्पशून् ॥२॥

એ રાજાએ શ્રીસત્યદેવનો પ્રસાદ છાંડયો આ દોષથી ઘણોજ દુઃખ પામ્યો તે એવું કે એક દીવસે તે રાજા હરણનો શીકાર કરવા વનમાં જઈ ઘણા પશુને મારી. ૨

आगत्य वटमूलं च दृष्ट्वा सत्यस्य पूजनम् ॥
गोपाः कुर्वंति संतुष्टा भक्तियुक्ताः सबांधवाः ॥३॥

એક વડના ઝાડ નજીક આવ્યો અને શ્રીસત્યદેવનું પુજન થતું તેણે જોયું આ પુજન ગોપગણ એટલે ગોવાળીયા સર્વે પોતાના ભાઇબંધો સાથે ભક્તીથી કરતા હતા. ૩

राजा दृष्टा तु दर्पेण न गत्वा तं ननाम सः ॥
ततो गोपगणाः सर्वे प्रसादं नृपसन्निधौ ॥४॥

તે જોઇને પણ રાજા તેમની પાસે ગયો નહિ તેમ દુરથી તેણે નમ્રતાથી નમસ્કાર કર્યા નહિ, તો પણ એ ગોપગણોએ પુજા કર્યા પછી પ્રસાદ રાજાની પાસે મુકયો. ૪

संस्थाप्य पुनरागत्य भुक्त्वा सर्वे यथेप्सितम् ॥
ततः प्रसादं संत्यज्य राजा दुःखमवाप सः ॥५॥

બધા પાછા આવ્યા અને પ્રસાદ ખાઇ પરમ આનંદમાં રહ્યા. આણીગમ રાજાએ પ્રસાદ ન લેતાં ત્યાંજ રહેવા દીધેલો, એ કારણથી એ ઘણુંજ દુઃખ પામ્યો. ૫

तस्य पुत्रशतं नष्टं धनधान्यादिकं च यत् ॥
सत्यदेवेन तत्सर्वं नाशितं मम निश्चितम् ॥६॥

તેના સો પુત્રો મરી ગયા ધન-ધાન્ય ઇત્યાદિ જે કાંઇ હતું તે બધું જતું રહ્યું ત્યારે તે રાજાને મનમાં વિચાર ઉત્પન્ન થયો કે, મારૂં આ સર્વ શ્રીસત્યદેવેજ નિશ્ચય હરણ કર્યું છે. ૬

अतस्तत्र गच्छामि यत्र देवस्य पूजनं ॥
मनसा तु विनिश्चन्य ययौ गोपालसंनिधौ ॥७॥

આ માટે હવે જ્યાં શ્રીસત્યદેવનું પુજન હશે ત્યાં હું જઈશ, એવું મનમાં લાવીને રાજા ગોપગણ પાસે આવ્યો. ૭

ततोऽसौ सत्यदेवस्य पूजां गोपगणैः सह ॥
भक्तिश्रद्धान्वितो भूत्वा चकार विधिना नृपः ॥८॥

અને ભકતીથી એ ગોપગણ સાથે શ્રીસત્યદેવનું પુજન કરવા લાગ્યો. ૮

सत्यदेवप्रसादेन धनपुत्रान्वितोऽभवत् ॥
इह लोके सुखं भुक्त्वा चांते सत्यपुरं ययौ ॥९॥

તે પછી શ્રીસત્યદેવના પ્રસાદથી એ રાજા ધન તથા પુત્રવાન થયો અને તે રાજા મનુષ્ય લોકમાં સર્વ સુખ ભોગવીને અંતે સત્યપુરના વિષે ગયો. ૯.

य इदं कुरुते सत्यव्रतं परमदुर्लभम् ॥
शृणोति च कथां पुण्यां भक्तियुक्तःफलप्रदाम् ॥१०॥

આવું ઘણું દુર્લભ શ્રીસત્યનારાયણનું વ્રત છે, તેને કોઈ સ્વીકારે છે અથવા જે કોઈ ભકતીપુર્વક પુણ્ય અને

ફળ આપનાર આવી આ શ્રીસત્યનારાયણની કથા સાંભળે છે.

धनधान्यादिकं तस्य भवेत्सत्यप्रसादतः ॥
दरिद्रो लभते वित्तं बद्धो मुच्येत बंधनात् ॥११॥

તેને ભગવાન શ્રીસત્યદેવના પ્રસાદથી ધન-સંપત્તિ પ્રાપ્ત થાય છે દરિદ્ર હોય તેને ધન લાભ થાય છે. બંધીખાને પડયો હોય તો તેથી મુક્ત થાય છે. ૧૧

भीतो भयात्प्रमुच्येत सत्यमेव न संशयः ॥
ईप्सितं च फलं भुक्त्वा चांते सत्यपुरं व्रजेत् ॥१२॥

જેને ભય પ્રાપ્ત થયું હોય તો તે ભય થકી મુક્ત થાય છે એમાં કાંઈ પણ સંદેહ નથી શ્રીસત્યદેવનું વ્રત કરનાર આ લોકના વિષે સર્વે સુખ ભોગવીને અંતે સત્યપુર એટલે વૈકુંઠના વિષે જાય છે. ૧૨.

इति वः कथितं विप्राः सत्यनारायणव्रतम् ॥
यत्कृत्वा सर्वदुःखेभ्यो मुक्तो भवति मानवः ॥१३॥

સુતજી કહે છે, હે શૌનક આદિ ઋષીઓ ! આ પ્રમાણે આ સત્યનારાયણનું વ્રત કર્યા થકી માણસ સર્વ દુઃખથી મુક્ત થાય છે. ૧૩.

विशेषतः कलियुगे सत्यपूजा फलप्रदा ॥
कचित्कालं वदिष्यंति सत्यमीशं तमेव च ॥१४॥

તેમાં મુખ્યત્વે કરીને આ ઘોર કલિયુગમાં ફળ આપ-નાર આ શ્રીસત્યનારાયણને (સત્ય ઇશ) એવું કહે છે. ૧૪

सत्यनारायणं केचित्सत्यदेवं तथापरे ॥
नानारूपधरो भूत्वा सर्वेषामीप्सितप्रदः ॥१५॥

કોઇ સત્યનારાયણ કહે છે. કોઈ સત્યદેવ કહે છે, શ્રી સત્યદેવ ભગવાન અનેક રૂપે ભકતોનાં ઇચ્છિત પૂર્ણ કરે છે. ૧૫.

भविष्यति कलौ सत्यव्रतरूपी सनातनः ॥
य इदं पठते नित्यं शृणोति मुनिसत्तमाः ॥
सत्यं नश्यंति पापानि सत्यदेवप्रसादतः ॥१६॥

આ સત્યનારાયણ વ્રત કથાનો જે કોઇ નિત્યપાઠ યા શ્રવણ કરે તો તેના શ્રીસત્યદેવના પ્રસાદથી સર્વ પાપો જતાં રહે છે. ૧૬.

इतिश्री सत्यनारायणकथायां पंचमोऽध्यायः ॥ ५ ॥

श्रीसत्यनारायणार्पणमस्तु ॥ शुभं भवतु ॥

સત્યનારાયણની આરતી.

જય કમળા સ્વામી પ્રભુ જય કમળા સ્વામી;
સત્યનારાયણ સ્વામી (૨) વિભુ વર બહુ નામિ. જય.
ભિન્ન ભિન્ન રૂપ ધરેલ, ભકતો ભય હરવા, પ્રભુ૦
પ્રતાપ પ્રસર્યો પ્રભુ તવ, (૨) જગનુ જય કરવા જય.
સુંદર રૂપ સ્વરૂપ, પ્રભુ અમને પ્યારૂં, પ્રભુ૦
દર્શન કરવા નિત્યે, (૨) મન દોડે મારૂં. જય.
ગાયે ગુણ અપાર, શુક શૌનક આદી પ્રભુ૦
મહિમાં મહિમા મોટો, (૨) સેવે બ્રહ્માદી. જય.
ગરૂડાસન પર દેવ, શોભો સુખરાશિ, પ્રભુ૦
સહાય સર્વની કરવા, (૨) તત્પર અવિનાશી. જય.
આ કળીકાળે આપ, છો પ્રત્યક્ષ સદા, પ્રભુ૦
કૈ દીનને દર્શન દઇ, (૨) કરવા સુખ મુદા. જય.
શતાનંદનું કાર્ય, પ્રેમે પુર્ણ કર્યું, પ્રભુ૦
ધન સંપતી સઘળી દઇ (૨) વિપ્રનુ કાર્ય સર્યું. જય.
કઠીઆરાના નાથ, કોડે કષ્ટ હર્યા; પ્રભુ૦
દુઃખ દરિદ્ર હઠાવી. (૨) ભીલનાં ભાગ્ય ફર્યાં. જય.
ઊલ્કામુખ મહિપતિની, લજ્જાને રાખી, પ્રભુ૦
ભદ્રશીલાને ભાવે, (૨) સ્નેહ સાંકળ નાંખી. જય.

સાધુ વણીક શ્રીપુર, તેને બહુ તાર્યો. પ્રભુ૦
ભૂલ ભયંકર તેની. (૨) તેથી નવ ફાવ્યો. જય.

કળાવંતિનાં કષ્ટ, ધ્યાન દઇ પ્રીતે. પ્રભુ૦
લીલાવંતીને ભાવે. ૨ સહાય થયા નિત્યે. જય.

ગોપમંડળી ઘેર, અંગધ્વજ આવ્યો, પ્રભુ૦
પ્રસાદ પડતો મેલ્યો, (૨) હરીએ લઇ તાવ્યો. જય.

શત પુત્રોનો નાશ, થયો અનાદરથી, પ્રભુ૦
પ્રસાદ જવ લીધો તવ. ૨ શુભ થયું શ્રીવરથી. જય.

અનેક એવા ભક્ત, તાર્યા ભાવ થકી, પ્રભુ૦
અમને પણ અર્પને, (૨ સત્યદેવા સુમતિ. જય.

સર્વ શક્તિ સર્વેશ, દશ દીશ રહી જામી પ્રભુ૦
જગધામા ભયવામી ૨) જરી રહી નહિ ખામી જય.

અધમ ઉધ્ધારણ નાથ, કારણ નિષ્કામી પ્રભુ૦
ખલકામી સહુ ઠામી, (૨ મતી ગતિ નવ પામી. જય.

પ્રેમ થકી જે ભક્ત, સત્યનારાયણ સેવે, પ્રભુ૦
આ આયુષ્ય કીર્તિ સુત. ૨ જગપતિ સુખ દેવે. જય.

કથા શ્રવણ કરી, ભક્ત આ આરતી ગાશે, પ્રભુ૦
કૈક જન્મના પાપો, (૨) પ્રલયે તો થાશે. જય.

શરણાંગત શ્રીદેવ સત્યનારાયણજી, પ્રભુ૦
છગનલાલ ગાયે છે, (૨) ભક્તિભાવ સજી. જય.
